सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ | ૨૧–૦૮–૨૦૨૩<br>(૧૬–૧૦–૨૦૨૩ ) | | |
| દાખલ તારીખ | ૨૧–૦૮–૨૦૨૩<br>(૧૬–૧૦–૨૦૨૩ ) | | |
| ફેસલ તારીખ | ૧૮–૦૩–૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દીવસ |
| | ૦૨<br>(૦૨) | ૦૬<br>(૦૫) | ૨૫<br>(૦૨) |

**એટ્રોસીટી કેસ નંબર ૨૯/૨૦૨૩ સાથે એટ્રોસીટી કેસ નં.૩૪/૨૦૨૩**

**આંક :–**

**FORM-A**

| | |
|---|---|
| મે.ખેડા જીલ્લાના સ્પેશ્યલ (એટ્રોસીટી ) જજ તથા ચોથા એડીશ્નલ સેશન્સ જજ સાહેબની અદાલતમાં, મુકામ : નડીઆદ.<br>(શ્રી એમ.જે.બ્રહમભટ્ટ, ચોથા એડીશ્નલ સેશન્સ જજ ) | |
| ચુકાદાની તારીખ: ૧૮/૦૩/૨૦૨૬<br>એટ્રોસીટી કેસ નંબર ૨૯ /૨૦૨૩ સાથે એટ્રોસીટી કેસ નં.૩૪/૨૦૨૩<br>(ગુનો : ખેડા ટાઉન પો.સ્ટે.ગુના રજી.નં.૧૧૨૦૪૦૨૫૨૩૦૪૦૭/૨૦૨૩, ઇન્ડીયન પીનલ કોડની કલમ–૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા એટ્રોસીટી એકટની કલમ – ૩(૧)(આર)(એસ), ૩(૨)(૫–અ)) | |
| ફરીયાદી | સરકારશ્રી<br>(સુશીલાબેન તે સુરજીતસીંહ નટુભાઇ રાઠોડ(હિન્દુ–વણકર)ની પત્ની ) |
| ફરીયાદી તરફે | વિ.એ.પી.પી.શ્રી જી.વી.ઠાકુર |
| વિરૂધ્ધ | |
| એટ્રોસીટી કેસ નંબર ૨૯ /૨૦૨૩ ના કામના આરોપી | રમેશભાઇ શાકાભાઇ ચૌહાણ,ઉ.વ.૪૭<br>રહે.શેત્રા, લાંબી શેરી, તા.જી.ખેડા. |

| | |
|---|---|
| એટ્રોસીટી કેસ નંબર ૩૪ /૨૦23 ના કામના આરોપી | ઈશ્વરભાઈ કાભઈભાઈ ચૌહાણ,ઉ.વ.૪૫<br>રહે.શેત્રા, ખોડીયાર માતાવાળું ફળીયું, તા.જી.ખેડા. |
| આરોપીઓ તરફે | જે.ડી.દવે તથા વી.એમ.મકવાણા |

## FORM-B

### <u>એટ્રોસીટી કેસ નંબર ૨૯ /૨૦૨૩</u>

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૨૭-૦૬-૨૦23 |
| એફ.આઇ.આર.ની તારીખ | ૩૦-૦૬-૨૦23 |
| ચાર્જશીટ કર્યાની તારીખ | ૨૧-૦૮-૨૦23 તથા તા.૧૬-૧૦-૨૦23 |
| તહોમતનામું ફરમાવ્યા તારીખ | ૧૯-૧૦-૨૦૨૪ |
| પુરાવાની શરૂઆતની તારીખ | ૧૬-૧૧-૨૦૨૪ |
| તારીખ કે જેના પર ચુકાદો અનામત છે | ૧૬-૦૨-૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૮-૦૩-૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો કોઇ હોય તો. | - - - |

### આરોપીની માહીતી

| આરોપી ની રેન્ક | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન પર છુટવાની તારીખ | ચાર્જ ફ્રેમ કર્યા મુજબની કલમ | નિર્દોષ કે દોષિત | સજા લાદવામાં આવી | કલમ-૪૨૮, સી.આર.પી.સી. ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | રમેશભાઇ શાકાભાઇ ચૌહાણ, | ૧૦/૭/૨૩ | ૧૮/૭/૨૩ | ઇ.પી.કો.કલમ -૩૨૩, ૫૦૪,૫૦૬ (૨),૧૧૪ તથા | શંકાનો લાભ આપી છોડી | ના | -- |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | ઉ.વ.૪૭,<br>ધંધો: મજુરી,<br>રહે.શેત્રા, લાંબી શેરી,<br>તા.જી.ખેડા.<br>નડીઆદ, | | | એટ્રોસીટી એકટની કલમ – ૩(૧)(આર)(એસ), ૩(૨)(૫–અ) | મુકયા | | |
| ૨. | **ઇશ્વરભાઇ કાભઇભાઇ ચૌહાણ,**<br>ઉ.વ.૪૫<br>રહે.શેત્રા, ખોડીયાર માતાવાળું ફળીયું,<br>તા.જી.ખેડા. | ૨૨/૯/૨૩ | ૨૨/૯/૨૩ | ઇ.પી.કો.કલમ –૩૨૩, ૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા એટ્રોસીટી એકટની કલમ – ૩(૧)(આર)(એસ), ૩(૨)(૫–અ) | શંકાનો લાભ આપી છોડી મુકયા | ના | ––– |

## FORM-C
## પ્રોસીકયુશન/ડીફેન્સ/ કોર્ટના સાક્ષીઓની યાદી
## <u>(એ) ફરીયાદપક્ષનો મૌખિક પુરાવો :–</u>

| રેન્ક | આંક | નામ | પુરાવાની વિગત |
|---|---|---|---|
| PW-1 | ૨૨ | સુશીલાબેન સુરજીતસીંહ રાઠોડની જુબાની | ફરીયાદી |
| PW-2 | ૨૬ | કમલેશભાઇ શકરાભાઇ શેનવાની જુબાની | ગુનાવાળી જગ્યાના પંચસાહેદ |
| PW-3 | ૨૮ | વિનુભાઇ ભલાભાઇ પરમારની જુબાની | ગુનાવાળી જગ્યાના પંચસાહેદ |
| PW-4 | ૩૦ | સુરજીતસીંહ નટુભાઇ રાઠોડની જુબાની | ફરીયાદીના પતિ |
| PW-5 | ૩૧ | ગૌરીબેન મગનભાઇ પરમારની જુબાની | સરસ્વતી વિદ્યામંદીર પ્રાથમીક શાળાના આચાર્ય |
| PW-6 | ૩૨ | ડો.જાગૃતિ રાજેશકુમાર ચાવડાની જુબાની | મેડીકલ ઓફીસર,ખેડા જનરલ હોસ્પીટલ |
| PW-7 | ૩૬ | ડો.પ્રદીપભાઇ વિઠ્ઠલભાઇ પટેલની જુબાની | તબીબ સાહેદ,ગાયત્રી હોસ્પીટલ, માતર |

| | | | |
|---|---|---|---|
| **PW-8** | ૪૦ | સ્નેહરશ્મી ચીમનભાઇ સોલંકીની જુબાની | મદદનીશ તાલુકા વિકાસ અધીકારી,ખેડા |
| **PW-9** | ૪૪ | દીપકકુમાર પ્રભુદાસ કાંસકીવાલાની જુબાની | ગુનો દાખલ કરનાર પોલીસ અમલદાર |
| **PW-10** | ૪૭ | વિક્રમસિંહ નરેન્દ્રસિંહ સોલંકીની જુબાની | તપાસ કરનાર અમલદાર |

**આ સિવાય ફરીયાદપક્ષે અન્ય કોઇ મૌખિક પુરાવો રજુ થયેલ નથી.**

**(બી) બચાવપક્ષનો મૌખિક પુરાવો :–**

| રેન્ક | આંક | નામ | પુરાવાની વિગત |
|---|---|---|---|
| **DW-1** | **૫૨** | હસુમતીબેન મુકેશભાઇ પરમાર | સાહેદ |
| **DW-2** | **૫૩** | પ્રતિકકુમાર રામજીભાઇ પટેલ | સાહેદ |

**(સી) કોર્ટના સાક્ષીઓ, જો કોઇ હોય તો :**

| **સાહેદનું નામ તથા વિગત** |
|---|
| **કોઇ મૌખિક પુરાવા રજુ થયેલ નથી.** |

**પ્રોસીકયુશન/બચાવપક્ષ/કોર્ટના દસ્તાવેજી પુરાવાની સુચિ**
**(એ)ફરીયાદપક્ષનો દસ્તાવેજી પુરાવો :–**

| **અનુ.** | **આંક** | **વિગત** |
|---|---|---|
| **૧** | **૨૩** | અસલ ફરીયાદ (તા.૩૦/૬/૨૦૨૩) |
| **૨** | **૨૪** | જાતિ અંગેના પ્રમાણપત્રની ખરી નકલ(તા.૨૨/૪/૨૦૦૩) |
| **૩** | **૨૭** | ગુનાવાળી જગ્યાનું પંચનામું (તા.૧/૭/૨૦૨૩) |
| **૪** | **૩૩** | ફરીયાદીનું મેડીકલ સર્ટીફીકેટ(તા.૨૭/૬/૨૦૨૩) |
| **૫** | **૩૪** | ફરીયાદીના અસલ કેસ પેપર્સ (તા.૨૭/૬/૨૦૨૩) |

| | | |
|---|---|---|
| **૬** | **૩૫** | ફરીયાદીનું સારવાર સર્ટી. મેળવવા મેડીકલ ઓફીસરને કરેલ યાદી(તા.૧/૭/૨૦૨૩) |
| **૭** | **૩૭** | ફરીયાદીનું ડીસ્ચાર્જ સર્ટીફીકેટ (તા.૨૯/૬/૨૦૨૩) |
| **૮** | **૩૮** | ફરીયાદીના અસલ કેસ પેપર્સ તથા ફાઇલ |
| **૯** | **૩૯** | ફરીયાદીનું સારવાર સર્ટી. મેળવવા મેડીકલ ઓફીસરને કરેલ યાદી(તા.૧/૭/૨૦૨૩) |
| **૧૦** | **૪૧** | રજીસ્ટરના નોંધણી પેજની અસલ ઉપરથી કરેલ નકલ |
| **૧૧** | **૪૨** | જાતિ અંગેના પ્રમાણપત્રની ખરાઇ કરી આપવા સંબંધે કરેલ યાદી(તા.૧/૭/૨૦૨૩) |
| **૧૨** | **૪૩** | જાતિ અંગેના પ્રમાણપત્રની ખરાઇ કરી તાલુકા પંચાયત કચેરી,ખેડાએ આપેલ પ્રમાણપત્ર(તા.૭/૭/૨૦૨૩) |
| **૧૩** | **૪૫** | સ્ટેશન ડાયરીની ઝેરોક્ષ ખરી નકલ |
| **૧૪** | **૪૮** | ફરીયાદીનું સારવાર સર્ટી. મેળવવા મેડીકલ ઓફીસરને કરેલ યાદી (તા.૧/૭/૨૦૨૩) |
| **૧૫** | **૪૯** | પુરાવા બંધની પુરસીસ |

**આ સિવાય ફરીયાદપક્ષે અન્ય કોઇ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી.**

**(બી) બચાવપક્ષ :**

| **અનુ.નંબર** | **આંક નંબર** | **વિગત** |
|---|---|---|
| ૧ | નથી | -- |

**(સી) કોર્ટથી આંક :**

| **અનુ.નંબર** | **આંક નંબર** | **વિગત** |
|---|---|---|
| ૧ | નથી | -- |

**(ડી) મટેરીયલ ઓબ્જેકટસ :**

| અનુ.નંબર | મટેરીયલ ઓબ્જેક્ટ નંબર | વિગત |
|---|---|---|
| ૧ | --- | --- |

## <u>-: ચુકાદો :-</u>

(૧) આ કામના આરોપીઓ વિરૂદ્ધ ખેડા ટાઉન પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નંબર–૧૧૨૦૪૦૨૫૨૩૦૪૦૭/૨૦૨૩ થી ઈન્ડિયન પીનલ કોડની કલમ–૩૨૩, ૫૦૪,૫૦૬ (૨),૧૧૪ તથા એટ્રોસીટી એકટની કલમ – ૩(૧)(આર)(એસ), ૩(૨)(૫–અ) મુજબના ગુનાનું તહોમતનામું રજુ કરવામાં આવેલ છે.

(૧.૧) સદર કામે મુખ્ય સેશન્સ કેસ નં.૨૯/૨૦૨૩ નો હોય, તે જ ગુનાનું પુરવણી ચાર્જશીટ સેશન્સ કેસ નં.૩૪/૨૦૨૩ અત્રેની અદાલતમાં પેન્ડિંગ હોય, વિ.એ.પી.પી.શ્રીની આંક–૦૩ થી રજુ અરજી આધારે સદરહું બંને સેશન્સ કેસો એક જ ગુના રજીસ્ટર નંબરથી ઉપસ્થિત થયેલ હોય, સદર બંને સેશન્સ કેસો વિ.એ.પી.પી.શ્રીની આંક:૦૩ થી રજુ અરજી આધારે અગાઉના વિધ્વાન ચોથા એડીશ્નલ ડીસ્ટ્રીકટ જજ સાહેબશ્રીએ કરેલ હુકમ આધારે કોગ્રેટ કરવામાં આવેલ છે અને મુખ્ય સેશન્સ કેસ નં.૨૯/૨૦૨૩ હેઠળ બંને કેસોનો સંયુક્ત પુરાવો નોંધવામાં આવેલ છે.

**ફરિયાદપક્ષના કેસની હકીકત :–**

(૨) **આ કામના ગુનાની ટુંકમાં હકીકત એવી છે કે,**

તા.૨૭/૬/૨૦૨૩ ના રોજ કલાક: ૧૧/૦૦ વાગે મોજે શેત્રા, શ્રી સરસ્વતી વિદ્યા મંદિર પ્રાથમિક શાળાના ઝાંપા પાસે આ કામના ફરિયાદીના પતિ સાહેદ સુરજીતસીંહ નટુભાઈ રાઠોડ નાઓ ફરિયાદીને મળવા જતા હતા. તે વખતે આ કામના બન્ને આરોપીઓએ સાહેદ સુરજીતસીંહ નટુભાઈ રાઠોડને ગમેતેમ ગાળો બોલી જાતિવાચક અપમાનજનક શબ્દો બોલી ઝઘડો કરતા હોઈ, તે વખતે

ફરિયાદીબેન ત્યાં જતા બન્ને આરોપીઓને ઠપકો કરતા તેઓએ ફરિયાદીબેનને કહેલ કે, સાલી ઢેડી તને નોકરી માંથી કાઢી મુકવાની છે. તેમ કહી જાતિ વિશે અપશબ્દો બોલી કહેતા હતા કે, તારા હાથનું જમવાનું કોઇ બાળકને ખવડાવવા દઈશું નહી,અમો ઠાકોર કોમના છીએ. તારા હાથનું છોકરા ખાશે તો અભડાઈ જશે તેમ કહી ફરીયાદીબેનને જાહેરમાં અપમાનિત કરી સાહેદ સુરજીતસીહ રાઠોડ નાઓને માર મારવા ફરી વળતા સાહેદને છોડાવવા ફરિયાદીબેન વચ્ચે પડતા આ કામના આરોપી રમેશભાઈ શાકાભાઈ ચૌહાણ નાએ ફરિયાદીબેનને ધક્કો મારી નીચે પાડી દઈ જમણા હાથે તથા કમરના ભાગે ઈજાઓ પહોચાડી બંને આરોપીઓએ સાહેદ સુરજીતસીહ રાઠોડ નાઓને જાનથી મારી નાખવાની ધમકી આપી ગુન્હો કરવામાં એકબીજાએ મદદગારી કરી ગુનો કરેલ. જેથી આ કામના આરોપીઓ વિરૂદ્ધ ફરીયાદી બેને ફરિયાદ આપેલ. જે ફરિયાદ ખેડા ટાઉન પો.સ્ટેશને ગુના રજી.નં.૧૧૨૦૪૦૨૫૨૩૦૪૦૭/૨૦૨૩,ઇન્ડીયન પીનલ કોડની કલમ–૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા એટ્રોસીટી એકટની કલમ – ૩(૧)(આર)(એસ), ૩(૨)(૫–અ) મુજબના ગુના અંગે નોંધાયેલ.

(૩) **<u>ચાર્જશીટ :–</u>**

આરોપીઓ વિરૂધ્ધ ઉપરોકત ગુના અંગેની ફરીયાદ દાખલ થતા, તપાસ કરનાર અધિકારી ધ્વારા ગુનાની જરૂરી અને યોગ્ય તપાસ કરી ઉપરોકત જણાવ્યા મુજબના ગુના અંગેનો પુરાવો મળી આવતા, આરોપીઓ વિરૂધ્ધ ઉપરોકત ગુના અંગે અગાઉના વિધ્વાન ચોથા એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં તપાસ કરનાર અમલદારે ચાર્જશીટ દાખલ થયેલ. ત્યારબાદ અગાઉના વિધ્વાન ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબ ધ્વારા ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૨૦૭ અન્વયે ફરીયાદપક્ષના આધારભુત પુરાવાની નકલો આરોપીઓને વિના મુલ્યે પુરી પાડી, સદરહું કેસ ઇન્સાફી

કાર્યવાહી માટે રાખવામાં આવેલ છે. ત્યારબાદ આ કામે પોલીસ પેપર્સની નકલો આરોપીઓને વિના મુલ્યે પુરી પાડી, સદરહું કેસ ઈન્સાફી કાર્યવાહી માટે રાખવામાં આવેલ છે. ત્યારબાદ આ કામે અગાઉના વિધ્વાન ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીએ આ કામના આરોપીઓ સામે આંક:૨૦ થી તા.૧૯/૧૦/૨૦૨૪ ના રોજ તહોમતનામું ફરમાવવામાં આવેલ છે. જે આરોપીઓને વાંચી સંભળાવવામાં આવતા આરોપીઓએ તેમની સામેના ઉપરોકત તહોમતનામા મુજબનો ગુનો કબુલ હોવાનો ઈન્કાર કરતા તે મતલબનું એટ્રોસીટી કેસ નં.૨૯/૨૦૨૩ ના કામે આરોપીનું નિવેદન આંક:૨૧ થી તથા એટ્રોસીટી કેસ નં.૩૪/૨૦૨૩ ના કામે આરોપીનું નિવેદન આંક:૧૨ નોંધતા, આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરતા, ફરીયાદપક્ષને તેનો પુરાવો રજુ કરવા જણાવવામાં આવેલ. ત્યારબાદ પુરાવાના સ્ટેજે ઓફીસ ઓર્ડર નં.૩૨૫/૨૦૨૫, તા.૧૬/૫/૨૦૨૫ આધારે સદરહું કેસ અત્રેની અદાલતમાં ટ્રાન્સફર થઈને આવતા સદરહું કેસની ઈન્સાફી કાર્યવાહી જે તે સ્ટેજથી આગળ ચલાવવામાં આવેલ.

(૪) ફરીયાદપક્ષ તરફે આરોપીઓ સામેનો આરોપ નિ:શંકપણે પુરવાર કરવા માટે ઉપરોકત ''ફોર્મ–સી'' માં દર્શાવ્યા મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રેકર્ડ ઉપર રજુ કરેલ છે.

(૫) ફરિયાદપક્ષનો પુરાવો પૂર્ણ થયા બાદ, સદરહું કેસના આરોપીઓનું ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ મુજબ વધારાનું નિવેદન નોંધી લેવામાં આવેલ,જેમાં તેઓએ ફરિયાદપક્ષના કેસની તમામ હકીકતોનો મહદઅંશે ઈનકાર કરેલ છે તેમજ તેઓ બચાવપક્ષે સાહેદો તપાસવા માંગતા હોવાનું જણાવે છે જયારે સોગંદ પર જુબાની આપવા માંગતા ન હોવાનું જણાવે છે અને વિશેષમાં આરોપીઓએ જણાવેલ છે કે, "અલગથી લેખિતમાં નિવેદન રજુ કરેલ

છે." તેમ જણાવી વધારાના નિવેદન સાથે વિશેષ નિવેદન રજુ કરેલ છે. ત્યારબાદ સબબ કામ દલીલો માટે રાખવામાં આવેલ.

## <u>દલીલો :–</u>

(૬) **ફરિયાદપક્ષ તરફ વિ.એ.પી.પી.શ્રીએ આંક:૬૦** થી લેખિત દલીલ રજુ કરેલ છે. જે સવિસ્તર વંચાણે લીધી. જેમાં તેઓની મુખ્યત્વે રજુઆત છે કે,આ કામના ફરીયાદી : સુશીલાબેન સુરજીતસીંહ રાઠોડને આંક:૨૨ થી સોગંદ પર તપાસેલ છે. તેઓએ આંક:૨૩ થી રજુ ફરીયાદની હકીકતને સંપુર્ણ સમર્થન કરેલ છે તેમજ આંક:૨૪ થી જાતિનું પ્રમાણપત્ર રજુ કરેલ છે. આ કામના ફરીયાદી બનાવ સમયે શેત્રા પ્રાથમીક શાળામાં નોકરી કરતા હોય, પોતાની ફરજ પર હાજર હતા અને આ કામના આરોપીઓએ જે કૃત્ય કરેલ તે તમામ વિગતો જુબાનીમાં જણાવે છે. તેમજ જુબાની દરમ્યાન આંક:૩૩ થી ૩૭ સુધીના મેડીકલ સર્ટીફીકેટ રજુ કરી ગયા છે. જે નહી માનવાને કોઈ કારણ નથી. ત્યારબાદ આંક:૨૬ ના પંચસાહેદ કમલેશભાઈ શકરાભાઈ સેનવા તથા આંક:૨૮ ના પંચ સાહેદ તેમના પુરાવા દરમ્યાન આંક:૨૭ થી રજુ ગુનાવાળી જગ્યાના પંચનામામાં પોતાની પંચ તરીકેની સહી ઓળખી બતાવે છે. ફરીયાદીના પતિ સુરજીતસીંહ નટુભાઈ રાઠોડ પણ તેમની આંક:૩૦ ની જુબાનીમાં ફરીયાદીની જુબાનીમાં જણાવેલ સમગ્ર હકીકતને સમર્થન કરી ગયેલ છે. તેમજ સદર સાહેદની ઉલટ તપાસ દરમ્યાન પણ આવો કોઈ બનાવ બનેલ નથી તેવી હકીકત બહાર આવેલ નથી. આંક:૩૧ થી તપાસાયેલ પ્રાથમીક શાળા, શેત્રાના આચાર્ય તેમના પુરાવાથી પણ એ હકીકત ફલિત થયેલ છે કે, સદરહું સાહેદ સ્વતંત્ર સાહેદ છે અને ફરીયાદી સદર શાળામાં મધ્યાહન ભોજનના સંચાલીકા હતા અને જેથી બનાવ સ્થળે ફરીયાદીની હાજરી નેચરલ છે અને ફરીયાદી બનાવ સમયે સ્કુલના ઝાંપા પાસે ફરીયાદીના પતિ સાથે આરોપીઓએ ઝઘડો કરેલાનું સાબીત થાય છે. જયારે, તબીબ સાહેદ

ડો.જાગૃતિ રાજેશકુમાર ચાવડા**(આંક:૩૨)** કે જેઓએ ફરીયાદી/ઈજા પામનારની સારવાર કરેલ છે, તેઓ સ્વતંત્ર સાહેદ છે, અને તેમના પુરાવા દરમ્યાન આંક:૩૩ થી ફરીયાદીનું ઈંજરી સર્ટી.,આંક:૩૪ થી અસલ કેસ પેપર્સ તથા આંક:૩૫ થી યાદી રજુ કરેલ છે. જે નહીં માનવાને કોઈ કારણ નથી. જયારે, આંક:૩૬ ના સ્વતંત્ર કહી શકાય તેવા તબીબ સાહેદ ડો.પ્રદીપભાઈ વિઠૃલભાઈ પટેલ તેમના પુરાવા દરમ્યાન આંક:૩૭ થી ફરીયાદીનું સારવાર સર્ટી. તથા આંક:૩૮ થી અસલ કેસ પેપર્સ રજુ કરી ગયા છે. જાતિનું પ્રમાણપત્ર આપનાર સાહેદ : સ્નેહરશ્મી ચીમનભાઈ સોલંકી **(આંક:૪૦)** તેમના પુરાવા દરમ્યાન આંક:૪૧ થી જાતિના રજીસ્ટરના નોંધણી પેજની ખરી નકલ રજુ કરી ગયા છે. આમ, સદર સ્વતંત્ર સાહેદના પુરાવાથી પણ ફરીયાદી અનુસુચીત જાતિમાં આવતા હોવાનું જણાય આવે છે. આંક:૪૪ થી ગુનો નોંધનાર પોલીસ સાહેદ દીપકકુમાર પ્રભુદાસ કાંસકીવાલા તેમના પુરાવા દરમ્યાન આંક:૪૫ થી સ્ટેશન ડાયરીની ખરી નકલ રજુ કરી ગયા છે. આંક:૪૭ થી તપાસ કરનાર અમલદાર વિક્રમસીંહ નરેન્દ્રસીંહ સોલંકી તેમના પુરાવા દરમ્યાન પોતે કરેલ તપાસનો ચિતાર સરતપાસ સ્વરૂપે વર્ણવી ગયા છે.

(૬.૧) જયારે, બચાવપક્ષે આંક:પર થી તપાસાયેલ સાહેદ હસુમતીબેન મુકેશભાઈ પરમાર **(ડી.ડબલ્યુ.નં.૧)** કે જેઓ શેત્રા ગામમાં આશા વર્કર તરીકે કામ કરતા હોય તેમની સરતપાસમાં બનાવ બનેલો પણ કોને કોની સાથે બનેલ તે જણાવેલ નથી અને દીલ્હીથી સર્વેની ટીમ આવેલ તેની સાથે ફરીયાદીના પતિ સુરજીતસીંહ માથાકુટ કરવા લાગેલ તે પ્રકારની વિગતો જણાવે છે અને ઉલટ તપાસમાં બનાવ સ્થળે ગયેલ ત્યારે હાલના કેસનો બનાવ બની ગયેલો અને બનાવ બાબતે તેઓને કોઈ જાત માહીતી ન હોવાનું જણાવે છે. આમ,સદરહું સાહેદની જુબાની આરોપીને મદદરૂપ થતી ન હોવાનું જણાય આવે છે. જયારે, આંક:પ૩ થી બચાવપક્ષે તપાસાયેલ બીજા સાહેદ પ્રતિકકુમાર રામજીભાઈ પટેલ **(ડી.ડબલ્યુ.નં.૨)** કે જેઓ

પ્રાથમીક આરોગ્ય કેંદ્ર નાયકાના સબ સેન્ટર વડાલા ખાતે હેલ્થ વર્કર તરીકે ફરજ બજાવે છે તેઓ પોતાની સરતપાસમાં ફેમીલી હેલ્થની ટીમ સાથે કોઇ શૈલેષભાઇ પરમાર સાથે શેત્રા ગામે આશા વર્કર હસુમતીબેન સાથે તકરાર થયેલ અને તે અંગે ડો.યુનુસખાન પઠાણે ટેલીફોનીક મેસેજથી જાણ કરેલ અને ત્યારબાદ તેઓ શેત્રા ગામે આવેલાનું જણાવે છે અને ઉલટ તપાસમાં બનાવ બાબતે તેઓને કોઇ અંગત જાત માહીતી ન હોવાનું અને બનાવના સમયે તેઓ શેત્રા ગામે પણ હાજર ન હતા. જેથી સદરહું સાહેદની જુબાની તો.દારને મદદરૂપ થતી નથી.આમ,ફરીયાદપક્ષે તેમનો કેસ નિ:શંકપણે પુરવાર કરેલ હોય આરોપીઓને કાયદામાં ઠરાવેલ સજા તથા દંડનો હુકમ કરવા જણાવેલ છે.

(૭) જયારે, સદર કામે **આંક:૬૨ થી આરોપી નં.૧, ૨ નાઓ તરફે વિ.વ.શ્રીએ લેખીત દલીલ** રજુ કરેલ છે. જે વિગતવાર વંચાણે લીધી. જેમાં તેઓએ જણાવેલ છે કે, સદર કામે ફરીયાદી સુશીલાબેન રાઠોડ તેમના આંક:૨૨ ની ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરી ગયા છે કે, " મધ્યાહન ભોજન યોજનામાં મારું કામ સંચાલનનું અને ચંપાબેનનું કામ રસોઈ બનાવવાનું તથા કોકીલાબેનનું કામ હેલ્પર તરીકેનું છે.'' સદરહુ હકીકત જોતા, કથિત ફરિયાદમાં જણાવેલ આક્ષેપ કે 'તારા હાથનું જમવાનું કોઈ બાળકને ખવડાવવા દઈશું નહી, અમો ઠાકોર કોમનાં છીએ, તારા હાથનું છોકરા ખાશે તો અભડાઈ જશે' તેવા આક્ષેપો વજુદ વગરનાં અને પાયાવિહોણા છે, કારણ કે, કથિત ફરિયાદમાં મોટીવ પુરવાર થતો નથી. તેમજ આંક:૨૩ ની ફરિયાદમાં જણાવ્યા મુજબ સ્કૂલનો ઝાંપો બંધ હતો. ઉલટ તપાસમાં સ્પેસિફિક પ્રશ્ન પૂછેલ છે કે સ્કૂલ નો જાપો બંધ હોય તો બહાર જઈ શકાય નહીં છતાં ફરિયાદી પક્ષે આ બાબતે કોઈ ખુલાસો કરેલ નથી કે એ બંધ ઝાંપો કોણે ખોલ્યો ? કઈ રીતે ખોલ્યો અને ફરિયાદી બહાર ગયા તેઓ કોઈ ખુલાસો પ્રોસીક્યુશન પક્ષ દ્વારા કરવામાં આવેલ નથી ઉલટાનું એમ જણાવે છે કે " એ વાત ખરી નથી કે સ્કૂલનો જ જાંપો બંધ હોય તો બહાર જઈ શકાય નહીં". આમ પ્રોસીકયુશન પક્ષ દ્વારા સોગંદ

પર વિરોધાભાસી નિવેદનો કરવામાં આવેલા છે. વધુમાં ફરિયાદીએ આંક ૨૩ ની ફરિયાદમાં એમ જણાવેલ છે કે '' હું ઝાંપા બહાર જઈ આ બંને જણાને ઠપકો કરવા જતાં આ બંને જણા મને કહેતા કે, સાલી તને નોકરીમાંથી કાઢી મૂકવાની છે.''તેવા જાતિવાચક અપમાનજનક શબ્દો બોલેલ, અને કહેતા કે'' તારા હાથનું જમવાનું કોઈ બાળકને ખવડાવવા દઈશું નહીં, અમો ઠાકોર કોમના છીએ, તારા હાથનું જમવાનું ખાશે તો અભડાઈ જશે" તેમ બોલી મારા પતિને માર મારવા ફરી વળતા હું તેમને છોડાવવા જતા રમેશભાઈએ ધક્કો મારેલ" ઉપરોક્ત કથન ફરિયાદી નામદાર કોર્ટ રૂબરૂ આંક:૨૨ ની જુબાની માં જણાવેલ નથી. આમ, ફરિયાદીની ફરિયાદ અને નામદાર કોર્ટની જુબાની બંને વિરોધાભાસ જણાય છે. જયારે, આંક ૨૩ ની ફરિયાદમાં જણાવેલ છે કે " ત્યારબાદ મારા પતિએ મને જણાવેલ કે મારે પૈસાની જરૂર હોય હું પૈસા લેવા આવતો હતો ત્યારે ઝાપા પાસે આ રમેશભાઈ મને મળેલા અને મને કહેતા હતા કે, તારે અંદર જવાનું નથી અને તારી બૈરીને નોકરીમાંથી કાઢી મૂકવાની છે તેમ જણાવેલ, તેવામાં ઈશ્વરભાઇ સરપંચ આવી ગયેલા અને આ રમેશભાઈ નું ઉપરાણું લઈને મને ગાળો બોલી મને જાતિવાચક અપમાનજનક શબ્દો બોલેલા" તેવી હકીકત ફરીયાદીના પતિએ તેણીને જણાવેલ હતી. સદર કથિત હકીકત પણ ફરિયાદીએ આંક ૨૨ ની નામદાર કોર્ટ રૂબરૂ જુબાનીમાં જણાવેલ નથી. વધુમાં ફરિયાદી એ ઉલટ તપાસ દરમિયાન એમ જણાવેલ છે કે "હું બનાવ સ્થળે ગઈ ત્યારે ઈશ્વરભાઈ તથા રમેશભાઈ નાઓએ મને કહેલ કે,''કાઢી મૂકવાની છે આના લીધે આનો ઘરવાળો કુદે છે'' આવું કથન પણ ફરિયાદીએ આંક ૨૩ ની ફરિયાદમાં કે આંક ૨૨ ની સરતપાસમાં જણાવેલ નથી પરંતુ ઉલટ તપાસમાં પ્રથમ વખત જણાવેલ છે. ફરિયાદીએ આંક ૨૨ ની જુબાનીમાં એ હકીકત પણ કબુલ રાખેલ છે કે, આંક ૩૩ વાળા સર્ટિફિકેટમાં ડોક્ટર રૂબરૂ સારવાર લેતી વખતે પોતે મેડિકલ હિસ્ટ્રીમાં આરોપીના નામ તથા બનાવની હકીકત જણાવેલ નથી. સદર કામે આંક ૨૩ ની ફરિયાદ,

આંક ૨૨ ની ફરિયાદીની જુબાની, તથા આંક:૩૦ ની ફરિયાદીના પતિ સાહેદ સુરજીતસિંહ ની જુબાની માં એમ જણાવેલ છે કે,૧૧ વાગે બનાવ બન્યા બાદ ફરિયાદીના પતિએ ફોન કરીને એમ્બ્યુલન્સ બોલાવી તેમાં ખેડા સિવિલ હોસ્પિટલ ગયેલા. આ કામે ખેડા સિવિલ હોસ્પિટલ ના ડોક્ટર જાગૃતીબેન ચાવડા નું સારવારનું સર્ટિફિકેટ આંક :૩૩ થી સામેલ છે. તેમાં એક વાગે ડોક્ટર સમક્ષ હાજર થયેલા છે એવું દર્શાવે છે. કથિત બનાવ સ્થળ શેત્રા ગામથી ખેડા સિવિલ હોસ્પિટલ નું અંતર આશરે સાતેક કિલોમીટર જેટલું છે અને આ અંતર કાપતા એમ્બ્યુલન્સમાં પણ બે કલાક લાગે તે હકીકત પણ નવાઇ પમાડે તેમ છે. વધુમાં ફરીયાદપક્ષે એમ્બ્યુલન્સ વાહનની કોઈ વિગત, ડ્રાઈવર નો જવાબ કે એમ્બ્યુલન્સમાં ફરજ બતાવતા ડોક્ટર ના નિવેદનો કે કોઈ એમ્બ્યુલન્સના સ્ટાફના નિવેદનો લેવામાં આવેલ નથી કે આવા કોઈ પણ પુરાવા ચાર્જશીટ સાથે રજુ કરેલા નથી. તે જોતા પણ ફરિયાદીની ફરિયાદ ખોટી કરેલ હોવાનું રેકોર્ડ પર આવેલ છે.

(૭.૧) વધુમાં લેખિત દલીલમાં તેઓ જણાવે છે કે, આંક ૨૩ ની ફરિયાદ, આંક:૨૨ ની ફરિયાદીની જુબાની તથા આંક 30 ફરિયાદીના પતિની જુબાની મુજબ ખેડા સિવિલ થી માતર ગાયત્રી હોસ્પિટલમાં સારવાર માટે ગયેલા હોય તેવું જણાવેલ. આંક ૩૩ ખેડા સિવિલ હોસ્પિટલના સર્ટિફિકેટમાં બપોરના એક વાગે નિદાન થયેલ હોવાનું જણાવેલ છે અને માતર ગાયત્રી હોસ્પિટલ નું સર્ટિફિકેટ આંક ૩૭ વાળું જોતા તેમાં સાંજે ૬:૩૦ વાગે કરિયાદીએ સારવાર લીધેલ હોવાનું જણાવેલ છે. હવે માતર અને ખેડા સિવિલ હોસ્પિટલ બંને વચ્ચેનું અંતર ચાર કિલોમીટર છે. સદર બંને હોસ્પિટલ વચ્ચેનું અંતર ચાર કિલોમીટરનું જ હોવા છતાં પણ ખેડા થી માતર જવાનું અંતર સાડા ચાર કલાક નો સમય લાગેલ હોવાનું રેકર્ડ પર આવેલ છે. વધુમાં આંક ૩૭ વાળા સર્ટિફિકેટ માં વોમિટિંગ ફીવર યુરીન ઇન્ફેક્શન ની સારવાર લીધેલ હોવાનું જણાવેલ છે. જયારે, આંક:૩૩ વાળા મેડિકલ

સર્ટીફીકેટમાં જે ઈજાઓ દર્શાવેલ છે તેવી કોઈ ઈજાઓ આંક ૩૭ વાળા સર્ટિફિકેટ માં દર્શાવેલ નથી. આમ, એક જ તારીખે એક જ દિવસે બે અલગ અલગ ડોક્ટર પાસે સારવાર લીધેલ અને બંને ડોક્ટરોના સર્ટિફિકેટ એકબીજાના વિરોધાભાસી છે. જેથી સદર કામે આંક:૩૭ વાળું સર્ટિફિકેટ મેડીકોલીગલ કેસ બાબતેનું નથી તે પણ એડમિટ થયેલ છે.

વધુ દલીલમાં તેઓ જણાવે છે કે, ફરિયાદીની કથિત ફરિયાદ ત્રણ દિવસના વિલંબ બાદ નોંધવામાં આવેલ છે પરંતુ, ફરીયાદપક્ષે રજુ ફરિયાદમાં કે ચાર્જશીટમાં કે નામદાર કોર્ટ રૂબરૂના પુરાવામાં, ત્રણ દિવસનો વિલંબ કેમ થયેલ, કયા કારણથી થયેલ તે અંગેનો કોઇ માનવાલાયક પુરાવો રેકર્ડે આવેલ નથી. જ્યારે એફ.આઇ.આર વિલંબ થી નોંધવામાં આવેલ હોય ત્યારે તેઓ બનાવ ઉભો કરેલો અને શંકાસ્પદ ગણાય તે બાબતે એ.આઇ.આર. ૨૦૧૧ નામદાર સુપ્રીમ કોર્ટ પેજ નં. ૧૦૬૫ કિ. લૉ જનરલ, ૨૦૦૮, ૨૧૩– ગુજરાત ના પ્રસ્થાપિત સિદ્ધાંતો અનુસાર પણ ફરિયાદ વિલંબ થી નોંધાયેલ હોય તો તેની હકીકતો માન્ય ના રખાય. જયારે એફ.આઇ.આર. ચાર કલાક જેટલા વિલંબથી નોંધવામાં આવેલ ત્યારે તેની અસર ટ્રાયલ પર પડે એવું માની નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા ૨૦૧૧ (૪) નામદાર સુપ્રીમ કોર્ટ કેસીસ ૩૨૪ તથા ૨૦૧૦ (૨) ક્રાઇમ્સ– ૬૬૮ નામદાર હાઈકોર્ટ ના ચુકાદા જોતા ડીલે ના કારણે એફ.આઈ.આર. રદ્દ કરેલ છે. વધુમાં રેકર્ડ પર આવેલ પુરાવો જોતા આખો બનાવ જ શંકાસ્પદ જણાય છે તે ૨૦૧૫ (૧) જે.એલ.આર. ૧૯૩ તથા ૨૦૧૧ ક્રિમીનલ લૉ જનરલ ૩૦૪૫ ના ચુકાદા પર આધાર રાખીએ છીએ તે સંજોગો જોતા પણ હાલના કેસમાં નિર્દોષ ઠરાવી છોડી મૂકવા જોઈએ. વધુમાં બનાવની શરૂઆત શંકાસ્પદ બનાવથી જ થયેલ હોવાનું જણાતું હોય ત્યારે આરોપીને સજા કરી શકાય નહિ.

**(૭.૨)** વધુ દલીલમાં તેઓએ પંકજ વિરુદ્ધ રાજસ્થાન રાજ્ય, સુપ્રીમ કોર્ટ ક્રિમીનલ અપીલ નં. ૨૧૩૫ / ૨૦૦૯ ના ચુકાદા મુજબ

મેડિકલ પુરાવો, મૌખિક પુરાવાને સમર્થન આપતું ના હોય ત્યારે પણ ફરિયાદ શંકાસ્પદ ગણાય તેમ જણાવે છે. ધક્કો મારવો અને હુમલો કરવો તે બંને અલગ–અલગ વસ્તુઓ છે. આરોપીએ ફરિયાદીને શરીરના કયા ભાગે ધક્કો મારેલો તે સમગ્ર ફરિયાદમાં કે રજૂ થયેલ પુરાવામાં સાબિત થતું નથી. વધુમાં આ કામે કથિત બનાવ વાળી જગ્યા જાહેર જગ્યા છે પબ્લિક વ્યુ તેવું સાબિત કરવામાં ફરિયાદી નિષ્ફળ ગયેલા છે. એટ્રોસીટી એકટ અન્વયેના ગુનામાં પબ્લિક વ્યુ સાબિત થવો જરૂરી છે. આ સંજોગોમાં પણ જ્યારે એસ.સી. એસ.ટી. એક્ટ મુજબના ગુના સાબિત થતા ન હોય ત્યારે પણ આરોપીઓને છોડી મૂકવા જોઈએ અને જ્યારે ઇ.પી.કો. મુજબના ગુનાઓ પણ સાબિત થતા ન હોય ત્યારે એટ્રોસીટી એકટનો ગુનો કર્યાનું કથન શંકાસ્પદ સાબિત થાય છે. આ કામે ફરિયાદી બેને ત્રણ દિવસ જેટલા વિલંબ બાદ ફરિયાદ નોંધાવેલ છે અને પૂરતો વિચાર કરીને ગોઠવીને ફરિયાદ આપેલ છે. એસ.સી. એસ.ટી. એક્ટ નો દુરુપયોગ કરેલ છે કારણકે જો ફરિયાદી જાતે દવાખાને જઈને સારવાર લઈ શકતા હોય તો ફરિયાદી બેન કે તેઓના પતિ પોલીસને ટેલીફોન થી પણ બનાવ બન્યા અંગેની પોલીસને જાણ કરી શક્યા હોત પરંતુ તેઓએ ત્રણ દિવસ સુધી પોલીસને કહેવાતા બનાવની જાણ કરેલ નથી તથા આ ફરિયાદમાં જણાવેલા કહેવાતા સાહેદોએ પણ કથિત બનાવની જાણ પોલીસને કરેલ નથી. જેથી પણ આવી શંકાસ્પદ ફરિયાદના આધારે આરોપીઓને સજા થઈ શકે નહીં. ફરિયાદી બેન તથા તેમના પતિની વર્તણૂક અકુદરતી છે કારણકે, એ હકીકત સ્વાભાવિક છે કે જો કહેવાતો બનાવ બન્યો હોય તો પ્રથમ સત્વરે પોલીસમાં ફરિયાદ નોંધાવી હોત તેમજ ત્રણ દિવસના વિલંબ બાબતે પણ ફરિયાદમાં કોઈ ખુલાસો કર્યો હોત તેવું પણ બનેલ નથી જેથી બનાવટી ઉભા કરેલા કેસમાં આરોપીઓને સજા થઈ શકે તેમ નહી. તેમજ ફરિયાદપક્ષનાં સાહેદ સુશીલાબેન સુરજીતસિંહ રાઠોડ તેમની સરતપાસ (આંક–૨૨) માં પણ કથિત આક્ષેપ કોર્ટ રૂબરૂ જુબાનીમાં

જણાવતા નથી. આમ, મુળ ફરિયાદ (આંક–૨૩) પુરવાર થયેલ નથી.

(૭.૩) વધુ દલીલમાં તેઓ જણાવે છે કે,ફરીયાદપક્ષે ફરિયાદી મધ્યાહન ભોજન યોજનામાં નોકરી કરતા હોય તેવા કોઈ પુરાવા રેકર્ડમાં રજૂ કરેલ નથી કે બનાવના દિવસે નોકરીના સ્થળે ફરિયાદી હાજર હોય તેની હાજરી દર્શાવતા પણ કોઈ પુરાવા રેકર્ડમાં રજૂ કરેલ નથી. સદર કામે આંક:૩૦ થી તપાસાયેલ ફરિયાદીના પતિ સુરજીતસિંહની જુબાની જોતા તેમાં પણ તેઓએ ફરીયાદીના જણાવ્યા મુજબની કોઇ હકીકત જણાવેલ નથી ઉલટાનું તેઓ તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં અલગ હકીકતો તથા પોલીસ રૂબરૂ ની જુબાનીમાં ઘણો બધો વિરોધાભાસ જણાય આવે છે. ફરિયાદીના પતિ ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે ''એ વાત ખરી છે કે તેમના પત્ની / ફરીયાદીનું કામ સંચાલીકાનું છે અને રસોઈનુ કામ બીજા કરે છે, આમ, મુળ ફરીયાદીના કથિત આક્ષેપોની વિરૂધ્ધનું પુરવાર થયેલ છે. તેમજ પોતાના નિવેદનમાં ફરિયાદીનાં પતિએ કોન્ટ્રાડીક્ટરી અને એડમીશન અને એકસ્ટ્રાવર્ઝન પુરાવો આપેલ છે. સદર કામે સાહેદ ગૌરીબેન પરમાર તેમની જુબાનીમાં એ હકીકત કબુલ કરે છે કે, ૨૭ વર્ષથી તેઓ શેત્રા ગામમાં નોકરી કરે છે, પરંતુ આટલા વર્ષો દરમ્યાન મધ્યાહન ભોજન યોજનામાં કોઈ અડચણ આવેલ નથી. સુશીલાબેનને જાતિ વિષયક અપશબ્દો બોલ્યા હોય કે સંચાલક તરીકેનાં કામમાં અડચણ કરેલી હોય તેવુ બનેલુ નથી. આમ,સાહેદ ગૌરીબેનની જુબાની (આંક–૩૧) ફરિયાદપક્ષને મદદકર્તા નથી. પરંતુ આરોપીનાં બચાવનો મજબુત પુરાવો રેકર્ડ પર આપેલ છે. સદરહુ કામે સાહેદ દિપકકુમાર પ્રભુદાસ, એ.એસ.આઈ. ખેડાને તપાસવામાં આવેલ છે (આંક–૪૪) સદરહુ સાહેદ કે જેઓએ ફરીયાદ નોંધેલ છે તેઓ તેમની ઉલટ તપાસમાં એ હકીકત કબુલ કરી ગયા છે કે, એફ.આઈ.આર. ના કોલમ નં.૮ માં ફરીયાદમાં વિલંબનું કોઇ કારણ દર્શાવેલ ન હોવાનું તેમજ વિલંબ અંગે કોઇ ખુલાસો કરેલ ન

હોવાનું જણાવી ગયા છે. ત.ક.અમલદાર વી.એન.સોલંકી આંક:૪૭ થી રજુ પુરાવાની ઉલટમાં એ હકીકત કબુલ કરી ગયા છે કે, તપાસ દરમ્યાન એ હકીકત ખુલવા પામેલ છે કે, બનાવના દીવસે દીલ્હીથી આરોગ્યની ટીમ હેલ્થ સર્વે કરવા આવેલી અને તેમની સાથે ફરીયાદીના પતિને ઝઘડો થયેલો અને હેલ્થ સર્વેની ટીમ સ્થાનિક હેલ્થ વર્કર હસુમતીબેન પરમાર તથા પ્રતિકભાઇ પટેલ નઓએ કથિત આરોપી સરપંચ ઈશ્વરભાઇને બોલાવેલા તે હકીકત રેકર્ડે પુરવાર થયેલ છે. કથિત ફરીયાાદ આંક:૨૩ માં ગામના કોઈ સ્વતંત્ર સાહેદ નથી, મુળ ફરીયાદી અને તેમના પતિ રસ ધરાવતા સાહેદ છે, બીજા કોઇ સ્વતંત્ર વીટનેશ રેકર્ડ પર બનાવને સમર્થન આપેલ નથી. વળી, બચાવપક્ષે તપાસાયેલ  સાહેદ નં.૧૪ હસુમતિબેન મુકેશભાઈ (આંક:પર) તથા  સાહેદ નં. ૧૫ પ્રતિકકુમારે રામજીભાઈ પટેલને(આંક:પ૩) થી તપાસેલ છે, જેમની જુબાનીમાં બનાવનાં દિવસે દિલ્હીથી હેલ્થ સર્વે કરવા ટીમ આવેલી અને તે ટીમનાં સભ્યો સાથે હાલનાં ફરિયાદીનાં પતિશ્રી સુરજીતસિંહ ઝઘડો કરતા હોવાનુ રેકર્ડ પર પ્રસ્થાપિત થયેલ છે. તેમજ, ટીમનાં સભ્યોએ ગામનાં સરપંચનાં નામે આરોપી ઈશ્વરભાઈને બોલાવતા બધાને સમજાવીને છુટા પાડેલ તે રેકર્ડ પર પુરવાર થાય છે.આ બનાવની અદાવત રાખી ફરિયાદ કર્યાનું અનુમાન સાચું અને ખરુ છે. દિલ્હીની આરોગ્યની ટીમને મદદ કરવા માટે દરેક ગ્રામ પંચાયતનાં સરપંચમાં જીલ્લા કક્ષાએથી આદેશ અપાયેલ તે પત્ર પણ અમોએ નામ.કોર્ટ સમક્ષ રજુ કરેલ છે. આમ, રજુ થયેલ તમામ સંજોગો ધ્યાને લેતા, આરોપીઓએ આક્ષેપાયેલ ગુનો કરેલ હોવાનું નિઃશંકપણે પુરવાર થતું નથી તેથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ છે.

**(૭.૪)** ઉપરોકત દલીલોના સમર્થનમાં વિદ્વાન વકીલશ્રીએ નીચે મુજબના ચુકાદા રજુ કરેલ છે.

**(૧)** આરીફ રસુલભાઇ  મન્સુરી વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત (નામદાર ગુજરાત હાઇકોર્ટ)

ક્રિમિનલ અપીલ ૧૦૫૪/૨૦૧૪

(૨) રમેશ ચંદ્રા વિરૂધ્ધ સ્ટેટ ઓફ યુ.પી.(નામદાર સુપ્રીમ કોર્ટ)
ક્રિમીનલ અપીલ નં. ૧૬૧૭/૨૦૨૩

(૩) નવનીતરાય પુરોહીત વિરૂધ્ધ સ્ટેટ સ્ટેટ ઓફ ગુજરાત(નામદાર ગુજરાત હાઇકોર્ટ)
ક્રિમિનલ અપીલ નં.૨૬૩૨/૨૦૦૮

(૪) સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ વાઘરી નરેશભાઇ (નામદાર ગુજરાત હાઇકોર્ટ)
ક્રિમિનલ અપીલ નં.૧૦૬૫/૨૦૧૦

(૫) સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ લક્ષ્મણજી સદાજી ઠાકોર અને બીજાઓ
ક્રિમિનલ અપીલ નં.૯૭૯/૨૦૧૦

(૬) ઠાકોર અમરજી નાથાજી અને બીજાઓ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત
ક્રિમિનલ અપીલ નં.૪૭૮/૨૦૦૬

(૭) દાદુ ઉર્ફે અંકુશ અને બીજાઓ વિરૂધ્ધ સ્ટેટ ઓફ મધ્ય પ્રદેશ અને બીજાઓ (નામદાર સુપ્રીમ કોર્ટ)
ક્રિમિનલ અપીલ નં.૧૦૭૫૯/૨૦૨૪

(૮) કરૂપ્પુડાયર વિરૂધ્ધ સ્ટેટ રીસ્પેકટેડ બાય ધ ડેપ્યુટી સુપ્રીટેન્ડન્ટ ઓફ પોલીસ, લાલગુડી ટ્રીચી અને બીજાઓ
સ્પે.લીવ પીટીશન (ક્રિમીનલ નં.૮૭૭૮–૮૭૭૯/૨૦૨૪)

(૯) સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ વીસાજી ડુંગરાજી ગોહીલ
(નામદાર ગુજરાત હાઇકોર્ટ)
૨૦૨૫(૦)એ.આઇ.જે.ઇ.એલ.–એચ.સી.–૨૫૦૦૫૯

(૮) **<u>નિર્ણય માટેના મુદ્દાઓ</u> :–**

રેકર્ડ ઉપરની વિષય વસ્તુ, કાયદાની સંબંધીત જોગવાઇઓ તેમજ બંને પક્ષકારોના વિ.વકીલશ્રીઓની ઉપરોકત રજુઆતોના આધારે આ અદાલત ધ્વારા નીચે મુજબના મુદ્દાઓ ઘડવામાં આવેલ

છે. :–

**મુ દા ઓ :–**

| | |
|---|---|
| **નં.(૧)** | શું ફરીયાદપક્ષ એ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૨૭/૬/૨૦૨૩ ના રોજ કલાક: ૧૧/૦૦ વાગે મોજે શેત્રા, શ્રી સરસ્વતી વિદ્યા મંદિર પ્રાથમિક શાળાના ઝાંપા પાસે આ કામના ફરિયાદીના પતિ સાહેદ સુરજીતસીંહ નટુભાઇ રાઠોડ નાઓ ફરિયાદીને મળવા જતા હતા. તે વખતે આ કામના બન્ને આરોપીઓએ સાહેદ સુરજીતસીંહ નટુભાઇ રાઠોડને ગમેતેમ ગાળો બોલી ઝઘડો કરતા હતા, તે વખતે ફરિયાદીબેન ત્યાં જતા બન્ને આરોપીઓને ઠપકો કરતા,આરોપીઓએ ફરીયાદીબેનને અને સાહેદ સુરજીતસીહ રાઠોડ નાઓને માર મારવા ફરી વળતા સાહેદને છોડાવવા ફરિયાદીબેન વચ્ચે પડતા આ કામના આરોપી રમેશભાઇ શાકાભાઇ ચૌહાણ નાએ ફરિયાદીબેનને ધક્કો મારી નીચે પાડી દઈ જમણા હાથે તથા કમરના ભાગે ઈજાઓ પહોચાડી બંને આરોપીઓએ સાહેદ સુરજીતસીહ રાઠોડ નાઓને જાનથી મારી નાખવાની ધમકી આપી ગુન્હો કરવામાં એકબીજાએ મદદગારી કરી, ઇ.પી.કો.કલમ–૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે ? |
| **નં.(૨)** | શું ફરીયાદપક્ષ એ નિ:શંકપણે પુરવાર કરે છે કે,ઉપરોકત તારીખે,સમયે અને સ્થળે આરોપીઓ એવું જાણતા તથા માનતા હતા કે, ફરીયાદી અને સાહેદ અનુસુચીત જાતિ/ અનુસુચીત જન.જાતિ હિન્દુ–વણકર જ્ઞાતિના સભ્ય છે તેમછતાં, આરોપીઓએ ગાળો બોલી જાતિવાચક અપમાનજનક શબ્દો ''સાલી ઢેડી તને નોકરી માંથી કાઢી મુકવાની છે. તેમ કહી જાતિ વિશે અપશબ્દો બોલી તેમજ તારા હાથનું જમવાનું કોઇ બાળકને ખવડાવવા દઇશું નહી,અમો ઠાકોર કોમના છીએ. તારા હાથનું છોકરા ખાશે તો અભડાઈ જશે ''તેમ કહી જાતિ વિશે અપશબ્દો બોલી જાહેરમાં અપમાનીત કરી તથા જાતિવિષયક લાગણી દુભાય તે રીતે જાહેરમાં અપમાનજનક વર્તન કરી માનભંગ કરી અનુસુચીત જાતિ/અનુસુચીત જનજાતિ (અત્યાચાર નિવારણ) ધારાની કલમ–૩(૧)(આર)(એસ),૩(૨)(૫–અ) મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે ? |
| **નં.(૩)** | શું હુકમ ? |

(૯) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે જણાવેલ કારણોસહીત નીચે મુજબ છે. :–

| | |
|---|---|
| **નં.(૧)** | **'નકારમાં'** |
| **નં.(૨)** | **'નકારમાં'** |
| **નં.(૩)** | **આખરી હુકમ મુજબ** |

## **-:: કારણો ::-**

**પુરાવો :-**

**(૧૦)** ઉપરોકત મુદ્દાઓની ચર્ચા કરતા પહેલા આરોપીઓ વિરૂધ્ધનું તહોમત પુરવાર કરવા સારૂ ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલા રેકર્ડ પરના પુરાવા વંચાણે લેતા, સદર કામે ફ**રીયાદી : સુશીલાબેન સુરજીતસીંહ નટુભાઈ રાઠોડ(હીન્દુ-વણકર) (PW-1) ને આંક:૨૨** થી તપાસેલ છે. સદર ફરીયાદી તેમની સરતપાસમાં જણાવે છે કે, તેમના પતિ રીક્ષા ચલાવે છે. તેણી શેત્રા પ્રાથમીક શાળા ખાતે સને:૨૦૦૪ થી મધ્યાહન ભોજ ન યોજના સં ચાલક તરીકે નોકરી કરે છે. તેમની સાથે રસોઈયા તરીકે ચંપાબેન મફતભાઈ ચૌહાણ તથા હેલ્પર તરીકે કોકીલાબેન રમણભાઈ ચૌહાણ નાઓ સાથે નોકરી કરે છે. તેઓ હીન્દુ વણકર જ્ઞાતિમાં આવે છે. બનાવ તા.૨૭/૭/૨૦૨૩ ના રોજ સવારના આઠેક વાગે નોકરી ઉપર શેત્રા પ્રાથમીક શાળામાં ગયેલ અને તેમનું મધ્યાહન ભોજન યોજનાનું કામ કરતી હતી તે સમયે સવારે ૧૧ વાગે તેમની સ્કુલના ઝાંપા પાસે ઝઘડો થયેલાનો અવાજ આવતો હોય તેણી ઝાંપા પાસે ગયેલી ત્યારે શાળાનો ઝાંપો બહારથી બંધ હતો અને તેણી શાળાના ઝાંપાએ પહોચેલ તે સમયે રમેશભાઈ શાકાભાઈ ચૌહાણ તથા ઈશ્વરભાઈ કાભઈભાઈ ચૌહાણ નાઓ

તેણીના પતિને ગાળો બોલતા હતા અને અપશબ્દો બોલતા હતા અને જાતિવાચક અપમાનજનક શબ્દો ''ઢેડ'' બલતા હતા અને તેમના ગામમાં ઠાકોર જ્ઞાતિની વસ્તી વધારે હોય અને તેઓ ઝઘડતા હતા અને આ ઈશ્વરભાઈ કાભઈભાઈ ચૌહાણ (સરપંચ) નાઓ તેણીના પતિને મારી નાખવાની ધમકી આપેલી અને પચીસ લાખનો ખર્ચ થાય તો પણ ભલે થાય આને મારી નાંખવાનો છે.'' ત્યારબાદ રમેશભાઈ સાકાભાઈ નાઓએ તેણીને ધકકો મારેલો અને જેથી તેણી નીચે પડી ગયેલ અને તેણીને કમરના ભાગે વાગેલ અને તેણીને ઈજા થયેલ હોય તેણીના પતિએ ૧૦૮ ને ફોન કરતા ૧૦૮ આવી જતા તેણીને સારવાર માટે સૌ પ્રથમ ખેડા સીવીલમાં અને ત્યાંથી વધુ સારવાર માટે માતર ખાતે આવેલ ગાયત્રી હોસ્પીટલમાં લઈ જઈ દાખલ કરેલ અને તેણીની ત્યાં ત્રણ ચાર દીવસ સારવાર ચાલેલી અને તેણી સારવાર હેઠળ હતી તે દરમ્યાન તેમની દીકરી દિવ્યાબેનનો ફોન આવેલ અને જણાવેલ કે, ઈશ્વરભાઈ કાભઈભાઈ ચૌહાણ નાઓએ તથા ગામના લોકોએ ૧૩૦ બાળકો માટે હેલ્પર બહેનોએ બનાવેલ ખીચડી ગામના તળાવમાં ફેંકી દીધેલ છે. ત્યારબાદ તેણીને રજા આપતા તેણી ઘરે ગયેલ. અને તે દીવસે સાં જના તેઓને દુધ તથા કરીયાણું આપવાની ગામના દુકાનદારોએ ના પાડેલી અને કહેલ કે, ગામના સરપંચ ઈશ્વરભાઈ કાભઈભાઈ ચૌહાણ નાઓએ ના કહેલ છે અને મધ્યાહન ભોજનની બનાવેલ રસોઈ ઈશ્વરભાઈ કાભઈભાઈ ચૌહાણ નાઓએ નાખી દીધેલ હોય તે અંગે તેઓએ મામલતદારશ્રી ખેડા નાઓને અરજી કરેલી અને તેઓએ

તા.૩૦/૬/૨૦૨૩ ના રોજ ખેડા ટાઉન પો.સ્ટે.માં રમેશભાઈ સાકાભાઈ ચૌહાણ તથા ઈશ્વરભાઈ કાભઈભાઈ ચૌહાણ વિરૂધ્ધ ફરીયાદ આપેલી. સદર ફરીયાદી આંક:૨૩ થી ફરીયાદ રજુ કરી તેમાં પોતાની સહી હોવાનું ઓળખી બતાવે છે. સદર ફરીયાદી આંક:૨૪ થી જાતિનું પ્રમાણપત્ર રજુ કરી તેણીએ ફરીયાદ સમયે આપેલ તે જ પ્રમાણપત્ર હોવાનું જણાવી ગયા છે. તેમજ સદર ફરીયાદી આરોપીઓને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે.

જયારે, આરોપીઓ તરફેની ઉલટ તપાસમાં સદર ફરીયાદી એ વાત ખરી હોવાનું જણાવે છે કે,તેણી સને:૨૦૦૪ થી મધ્યાહન ભોજન યોજના, શેત્રા પ્રાથમિક શાળામાં સંચાલક તરીકે નોકરી કરે છે. તેઓને કુલ ત્રણ જણાનો સ્ટાફ છે. તેણી નોકરીનો સમય સવારે સાડા દસ થી બપોરના ત્રણ વાગ્યા સુધીનો હોય છે. એ વાત ખરી છે કે, મધ્યાહન ભોજન યોજનામાં તેણીનું કામ સંચાલનનું અને ચંપાબેનનું કામ રસોઈ બનાવવાનું તથા કોકીલાબેનનું કામ હેલ્પર તરીકેનું છે. એ વાત ખરી છે કે,તા.૨૭/૬/ ૨૦૨૩ ના રોજ તેણી સવારે ૧૦/૩૦ વાગે નોકરી ઉપર હાજર થયેલી. એ વાત ખરી નથી કે, તેણી જે મધ્યાહન ભોજન યોજના જયાં ચલાવે છે ત્યાંથી શાળાનું અંતર ૨૫૦ મીટર છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, બંને વચ્ચે કોમન દિવાલ છે. તા.૨૭/૬/ ૨૦૨૩ ના રોજ તેઓ ત્રણેય જણા મધ્યાહન ભોજન યોજનામાં કામ ઉપર હાજર હતા. એ <u>વાત ખરી છે કે, ઝઘડાનો અવાજ આવતાં તેણી એકલી ગયેલી</u> બાકીની બે બહેનો ગયેલી નહી. એ વાત ખરી છે કે, તેણી ઝઘડો

જોવા ગઈ તે જગ્યાએ સ્કુલનો ઝાંપો બહારથી બંધ કરેલો હતો. ઝઘડો ચાલતો હતો ત્યારે તેણીના પતિને ઝઘડાનું કારણ પુછેલું નહી. ઝઘડાવાળી જગ્યાએ ગઈ ત્યારે <u>આશરે પચાસેક માણસોનું ટોળું ત્યાં હાજર હતુ.</u> <u>સદર ઝઘડામાં કોઈએ છોડાવવાનો પ્રયત્ન કરેલો નહી.</u> એ વાત ખરી છે કે, આ કામના આરોપી ઈશ્વરભાઈ ચૌહાણનાઓ તેમના ગામમાં ઘણા વર્ષોથી સરપંચ તરીકે ચુંટાતા આવે છે. એ વાત ખરી છે કે, આ ઈશ્વરભાઈએ તેમની મધ્યાહન ભોજન યોજનામાં અગાઉ કોઈ દિવસ અડચણ ઉભી કરેલી નથી. તેણી બનાવ સ્થળે ગઈ ત્યારે ઈશ્વરભાઈ તથા રમેશભાઈનાઓ તેણીને કહેલ કે, ઢેડીને કાઢી મુકવાની છે આના લીધે આનો ઘરવાળો કુદે છે. તેણી ઝઘડાવાળી જગ્યાએ ગઈ ત્યારે ઝઘડો તેણીના પતિ સાથે ચાલતો હતો, તેની સાથે નહી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, તેણી બનાવ સ્થળે ગઈ ત્યારે તેણીને ઢેડી કહી તેની સાથે ઝઘડો કરેલો. એ વાત ખરી છે કે, તેના પતિ શાળામાં નોકરી કરતા નથી. સદર સાહેદને સવાલ પુછવામાં આવેલ કે, તમારા પતિને તમારી પાસે આવવાની જરૂર શું પડેલી ? તેના જવાબમાં તેઓએ જણાવેલ કે,''પૈસા લેવા તેમની પાસે આવેલા'' બનાવમાં તેણીને વાગતા ૧૦૮ માં ખેડા સીવીલમાં લઈ ગયેલા. એ વાત ખરી છે કે, ખેડા સીવીલમાંથી એક કલાક પછી લઈ જવાનું તેણીને કહેલુ. એ વાત ખરી છે કે, તેણીને કમરના ભાગે દુખાવો થતાં ગાયત્રી હોસ્પિટલ, માતર ખાતે દાખલ કરેલી. એ મને ખબર નથી કે, ડોકટરશ્રીએ મારું નિદાન કરેલ અને કહેલ કે, 'તમને યુરિન ઈન્ફેકશન છે અને તેના કારણે તાવ છે.'' હું ગાયત્રી હોસ્પિટલમાં બે દિવસ દાખલ રહેલી. <u>એ તેને ખબર નથી કે, તા. ૨૭/૦૬/૨૦૨૩ ના રોજ દિલ્હીથી આરોગ્યની ટીમ હેલ્થ સર્વે માટે તેમની શાળામાં</u>

આવેલી. તેણી તેમના ગામના આશા વર્કર હસુમતીબેન તથા પ્રતિકભાઈને ઓળખુ છુ. એ મને ખબર નથી કે, હેલ્થના સર્વે માટે હસુમતીબેન અમારી શાળામાં આવેલા. એ તેણીને ખબર નથી કે, દિલ્હીથી હેલ્થ સર્વે માટેની ટીમ સ્થાનિક આશા વર્કરો સાથે તેમની શાળામાં આવેલા અને તેઓ સાથે તેના પતિનો ઝઘડો થયેલો. એ તેણીને ખબર નથી કે, દિલ્હીની ટીમ તથા સ્થાનિક આશા વર્કરો સાથે તેણીના પતિને ઝઘડો થતાં તે ટીમે પોલીસમાં તેના પતિ વિરુધ્ધ ફરીયાદ કરેલી. એ તેણીને ખબર નથી કે, દિલ્હીની હેલ્થ ખાતાની ટીમને તેના પતિ સાથે ઝઘડો થતાં આ ઝઘડો શાંત કરવા માટે આરોપી નંબર–૨ ગામના સરપંચ ઈશ્વરભાઈને ટીમના સભ્યોએ તેમને બોલાવેલા અને તેણીના પતિને તેઓએ શાંત કરી ઈશ્વરભાઈએ તેણીના પતિને ઘરે મોકલેલા. એ વાત ખરી છે કે, મેડીકલ હીસ્ટ્રીમાં આરોપીનું નામ તથા બનાવની હકીકત વિષે જણાવેલ નથી. એ વાત ખરી છે કે, તેણીને ખેડા હોસ્પિટલમાંથી અમદાવાદ સીવીલમાં રીફર કરેલા પરંતુ તેણી સ્વેચ્છાએ ગાયત્રી હોસ્પિટલમાં ગયેલી. સદર સાહેદને સવાલ પુછવામાં આવેલ કે, હાલમાં તમો મધ્યાહન ભોજન યોજનામાં સંચાલિકા તરીકે કામ કરો છો ત્યારે આ કામના આરોપીઓ કોઈ અડચણ કરવા કે અન્ય કામે સ્કુલમાં આવતા નથી ? તેના જવાબમાં તેણીએ જણાવેલ કે, રમેશભાઈ કોઈકોઈ વાર તેમની સ્કુલમાં આવે છે. એ વાત ખરી છે કે, હાલની ફરીયાદ સિવાય આ કામના આરોપીઓ વિરુધ્ધ અન્ય કોઈ ફરીયાદ દાખલ કરેલી નથી. એ વાત ખરી છે કે, મારી ફરીયાદમાં તેણી ગાયત્રી હોસ્પિટલમાંથી ડીસ્ચાર્જ થયા બાદ કરીયાણુ લેવા ગઈ અને જે કરીયાણાવાળાએ ના પાડેલી તે કરીયાણાવાળાનું નામ કે સરનામું મારી ફરીયાદમાં કે મારી સરતપાસમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે, આ કરીયાણાવાળા વિરૂધ્ધ તેણીને કરીયાણું ન આપવા બાબતે કોઈ ફરીયાદ કોઈ જગ્યાએ કરેલી નથી. એ વાત ખરી છે કે, આ રસોઈ

<u>ફેંકી દીધેલી તે બાબતે તેણીએ કોઇ ફરીયાદ કરેલી નહી.</u> એ વાત ખરી છે કે, આ રસોઇ ફેંકી દીધેલી તે અંગે તેમની દીકરીએ તેમને જણાવેલું

(૧૧) ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક:૨૬ થી પંચ સાહેદ : કમલેશભાઇ શકરાભાઈ શેનવા (PW-2)** ને તથા **આંક:૨૮ થી પંચસાહેદ : વિનુભાઇ ભલાભાઇ પરમાર (PW-3)** ને તપાસેલા છે. તેઓ તેમની સરતપાસમાં જણાવે છે કે,તા.૧/૭/૨૦૨૩ ના રોજ ના.પો.અધિ. એસ.સી. એસ.ટી.સેલ ખેડા નડીયાદનાઓએ તેઓને શેત્રા ગામમાં વડ નીચે બોલાવેલા. તે સમયે તેઓ ત્યાં રસ્તા ઉપરથી જતા હતા તે સમયે પોલીસે એક લખેલા તૈયાર કાગળમાં સહી કરવાનું કહેતા સહી કરેલી તે લખાણ તેઓએ વાંચેલુ નહી કે પોલીસ `તે લખાણ વંચાવેલુ નહી. લખાણ શી બાબતનું હતુ તેની તેઓને ખબર નથી. એવુ બનેલ નહી કે તેઓ કોઈ ગુનાવાળી જગ્યાએ ગયેલા હોઈએ અને તેઓની હાજરીમાં કોઈ વ્યકિતએ ગુનાવાળી જગ્યા બતાવેલ હોય અને તે ગુનાવાળી જગ્યાનું પંચનામું થયેલ હોય. સદર પંચસાહેદો તેમના પુરાવા દરમ્યાન <u>આંક:૨૭</u> થી રજુ ગુનાવાળી જગ્યાના પંચનામા માં પોતાની સહી હોવાનું ઓળખી બતાવે છે. આમ, સદર બંને પંચસાહેદો તેમની સરતપાસમાં ગુનાવાળી જગ્યાના પંચનામાની હકીકતને સમર્થન કરી ગયેલ ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે. ફરીયાદપક્ષે થયેલ ઉલટ તપાસમાં પણ સદર પંચસાહેદો આંક:૨૭ વાળા ગુનાવાળી જગ્યાના પંચનામાની હકીકતને સમર્થન કરી ગયેલ નથી. સદર પંચસાહેદોની બચાવપક્ષે ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

(૧૨) ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક:૩૦ થી સાહેદ : સુરજીતસીંહ નટુભાઇ રાઠોડ (PW-4)** ને સોગંદ પર તપાસેલા છે. તેઓ તેમની સરતપાસમાં જણાવે છે કે,તેમના પત્ની સુશીલાબેન જેઓ શેત્રા ગામે આવેલ શ્રી સરસ્વતી વિદ્યામંદીર પ્રાથમીક શાળામાં સને:૨૦૦૪ થી મધ્યાહન ભોજન યોજના સંચાલક તરીકે નોકરી કરે છે. તેઓની સાથે રસોઈયા તરીકે બે બેનો હોય છે. તા.૨૭/૬/૨૦૨૩ ના રોજ તેઓના નીત્યક્રમ મુજબ શ્રી સરસ્વતી વિદ્યામંદીર પ્રાથમીક શાળામાં સવારે ૭:૦૦ વાગે ગયેલા અને તેઓ સવારના ૧ ૦:૪૫ ના સુમારે તેમની પત્ની જયાં નોકરી કરે છે તે સરસ્વતી વિદ્યા મંદીર સ્કુલે ગયેલ અને તે સમયે તેઓ સ્કુલના ઝાંપે પહોં ચેલ ત્યાં રમેશભાઈ શાકાભાઈ ચૌહાણ નાઓ હાજર હતા. તેઓએ જણાવેલ કે તારે સ્કુલમાં અંદર નથી જવાનું,તેઓએ જવાબ આપેલો કે કેમ નહી જવાનું, મારે છુટા પૈસા લેવાના છે. આ રમેશભાઈએ પછી ગાળો બોલવાની શરૂ કરેલી તથા આ રમેશભાઈ એ તેમને આ ઢેડો, આ ઢેડી નોકરી કરે છે, તેના લીધે કુદે છે અને ત્યારબાદ તેમના ગામના સરપંચ ઈશ્વરભાઈ કાભઈભાઈ ચૌહાણ દસ પંદર મીનીટમાં ત્યાં આવેલા અને તેઓએ આવીને બોલવાનું ચાલુ કરી દીધેલું . તેઓએ કહેલ કે,આ ઢેડાને પતાવી દો ભલે પચ્ચીસ લાખનો ખર્ચો થાય. આ અવાજ સાંભળતા તેમના પત્ની સ્કુલના ઝાંપેથી બહાર આવેલા અને તેઓએ બહાર આવીને રમેશભાઈને પુછેલ કે શેનો કકળાટ કરો છો ? જેથી

રમેશભાઈએ તેમની પત્નીને ધકકો મારેલો જેથી તેણી નીચે પડી ગયેલા અને કમરમાં ડાબી બાજુએ ઉપરના ભાગે તેને વાગેલું અને તેમના પત્ની આવેલ તે સમયે સરપંચે કહેલ કે આ ઢેડી સ્કુલમાં નોકરી કરે છે તેના લીધે આ ઢેડો કુદે છે, આ ઢેડીને નોકરીમાંથી કાઢી નાખવાની છે. બાદ તેમના પત્નીને વાગેલ હોય તેઓએ ૧૦૮ ને ફોન કરેલ અને આ રમેશભાઈ તથા ઈશ્વરભાઈ નાઓ ત્યાંથી જતા રહેલા અને ૧૦૮ આવતા તેમના પત્નીને સારવાર માટે ખેડા સીવીલમાં લઈ ગયેલ અને ત્યાં તેની પ્રાથમીક સારવાર આપેલ અને અમદાવાદ રીફર કરવાનું કહેલ પરંતુ, તેમની દીકરી ઘરે એકલી હોય તેઓ તેમની પત્નીને માતર ગાયત્રી હોસ્પીટલમાં લઈ ગયેલ અને દાખલ કરેલ. ત્યાં તેમની પત્નીની બે દીવસ સારવાર થયેલ અને તા.૨૮/૬/૨૦૨૩ ના રોજ સાંજના ગામમાં કોઈએ તેઓને કોઈ કરીયાણું કે દુધ આપવું નહી, તેવું સરપંચે ગામમાં કીધેલ હતું અને તા.૨૯/૬/૨૦૨૩ ના રોજ મધ્યાન ભોજનમાં બનાવેલ જે ભોજન તેઓને જમવા દીધેલ નહી અને ફેંકી દીધેલ તેવું તેમની દીકરીએ જણાવેલ <u>અને તે સંબંધે તેમની પત્નીએ મામલતદાર સાહેબ,ખેડાને અરજી આપેલી.</u> બનાવ સંબંધે તેમની પત્નીએ રમેશભાઈ શાકાભાઈ ચૌહાણ તથા ઈશ્વરભાઈ કાભઈભાઈ ચૌહાણ વિરૂધ્ધ ખેડા ટાઉન પો.સ્ટે.માં ફરીયાદ આપેલી.પોલીસે બનાવ સંબંધે તેમની પુછપરછ કરેલ.સદર સાહેદ આરોપીઓને ના.કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે.

(૧૨.૧) જયારે, આરોપીઓ તરફેની ઉલટ તપાસમાં સદર સાહેદ એ વાત ખરી હોવાનું જણાવે છે કે,તેના પત્નિ જે શેત્રા પ્રાથમીક શાળામાં નોકરી કરે છે ત્યાં તેમનુ કામ સંચાલીકાનુ છે અને રસોઇનુ કામ બીજા કરે છે. તેના પત્નિનો સ્કુલનો સમય શનીવાર સીવાય બપોરે ૧૧:૦૦ થી ૩:૦૦ નો છે. તેમના ઘરથી સદર મધ્યાહ્ન ભોજનવાળી શાળાનુ અંતર અત્રેની કોર્ટથી મુખ્ય ગેટ છે તેટલું છે. તેઓ બન્ને આરોપીઓને ગામમાં રહે છે ત્યારથી વર્ષોથી ઓળખે છે. એ વાત ખરી છે કે, આ કામના આરોપી ઈશ્વરભાઈ ગામમાં ઘણા વર્ષોથી સરપંચ તરીકે ચુંટાઇ આવે છે. એ વાત ખરી છે કે, આ કામના બન્ને આરોપીઓ શાળામાં નોકરી કરતા નથી કે શાળાના વહીવટમાં કે મધ્યાહ્ન ભોજન યોજનામાં કોઈ જગ્યાએ સંકળાયેલા નથી. શાળાના ગેટ અને મધ્યાહ્ન ભોજન વચ્ચે અત્રે કોર્ટથી સીવીલ કોર્ટ બીલ્ડીંગનો મેઇન ગેટ છે ત્યાં કાર પડેલ છે તેટલું હશે. તેઓ છુટા લેવા માટે તેમના પત્નિ પાસે લગભગ અગીયારમાં પાંચ મીનીટ બાકી હતા ત્યારે પહોંચેલો. એ વાત ખરી નથી કે તેઓ ત્યાં પહોચ્યા ત્યારે સ્કુલના વિદ્યાર્થીઓ ઘોંઘાટ ચાલુ હતો. રમેશભાઇ શાળાના ઝાંપા પાસે હાજર હતા, કારણ કે તેમનો છોકરો શાળામાં ભણે છે. રમેશભાઇ ઝાંપા આગળ ઉભા હતા અને તેઓ જેવા ઝાંપાની અંદર જવા પ્રયત્ન કરેલો તેવુ રમેશભાઈએ તેમને ઝાંપામાં જવાનુ નહી, તેવુ કહેલું અને ઝઘડો શરૂ થયેલો. આ વખતે ૨૦ થી ૨૫ લોકો હાજર હતા. આ ઝઘડામાં કોઈ છોડાવવા પડેલ નહી કારણકે, છોડાવવા જેવું કંઈ હતુ જ નહી. આ બનાવ પહેલા ભૂતકાળમાં આરોપીઓએ તેમને કોઇ દિવસ જાતી વિષયક અપશબ્દો બોલેલ હોય તેવું બનેલ નથી. એ વાત ખરી છે કે, તેમના ગામના હસુમતીબેન આશાવર્કરને તેઓ ઓળખે છે. એ વાતની મને ખાસ ખબર નથી કે તા.૨૭.૦૬.૨૦૨૩ ના રોજ દિલ્હીથી

આરોગ્ય ખાતાની ટીમ સ્થાનિક આશાવર્કરો સાથે હેલ્થનો સર્વે કરવા માટે આવેલી. એ વાત ખરી નથી કે, જેવી દિલ્હીની આરોગ્ય ખાતાની ટીમ સ્થાનિક આશાવર્કરો સાથે સર્વે કરવા માટે નીકળેલી ત્યારે તેઓએ દારૂ પીધેલી સ્થિતિમાં તે ટીમના કેટલાક સભ્યોને ગાળો બોલેલી અને તે અંગે તેઓએ તેમના વિરૂધ્ધ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરેલી. એ વાત ખરી નથી કે,દિલ્હીથી આવેલી આરોગ્યની ટીમ ગામના સરપંચ સાથે ગામમાં પ્રવેશ કરતા અને થયેલ ઝઘડાનુ સમાધાન કરાવતા વૈમનસ્ય રાખી સરપંચ સામે હાલની ખોટી ફરીયાદ કરેલી. એ વાત ખરી છે કે,તેમના પત્નિને ખેડા સીવીલ હોસ્પિટલમાંથી અમદાવાદ રીફર કરતા ખેડા સીવીલમાંથી ડીસ્ચાર્જ આપેલ. એ વાત ખરી નથી કે, તેમના પત્નિને બ્લ્ડ પ્રેશર અને યુરીનની તકલીફ રહ્યા કરે છે.એ વાત ખરી નથી કે, તેઓએ તેમના પોલીસ નિવેદનમાં એવુ લખાવેલ નથી કે "હું સ્કુલના ઝાંપે પહોંચેલ ત્યાં રમેશભાઇ શાકાભાઇ ચૌહાણનાઓ હાજર હતા અને તેઓએ જણાવેલ કે તારે સ્કુલમાં અંદર નથી જવાનું., તેઓએ જવાબ આપેલો કે તેઓને છુટા પૈસા લેવાના છે. આ રમેશભાઇએ પછી ગાળો બોલવાની શરૂ કરેલી તથા આ રમેશભાઇએ મને આ ઢેડો આ ઢેડી નોકરી કરે છે તેના લીધે કુદે છે, અમારા ગામના સરપંચ ઇશ્વરભાઇ કાભાઇભાઇ ચૌહાણ દસ પંદર મીનીટમાં ત્યાં આવેલા અને તેઓએ આવીને બોલવાનુ ચાલુ કરી દીધેલું, તેઓએ કહેલુ કે આ ઢેડાને પતાવી દો., આ અવાજ સાંભળતા મારા પત્નિ સ્કુલના ઝાંપેથી બહાર આવેલા. તેઓએ બહાર આવીને રમેશભાઈને પુછેલ કે, શેનો કકળાટ કરો છો?" , આ રમેશભાઇનાઓએ મને આ ઢેડો આ ઢેડી નોકરી કરે છે તેના લીધે કુદે છે.'' મામલતદાર સાહેબમાં તેમની પત્નિએ અરજી કરેલી, તે બાબતે મામલતદાર સાહેબે તેમને બોલાવેલ નથી. એ વાત ખરી નથી કે, કયા વેપારીએ

તેઓને કરીયાણું આપવાની ના પાડેલી તે નામો પોલીસમાં લખાવેલ નથી. એ વાત ખરી છે કે, ખીચડી ફેંકી દીધેલી તે હકીકત તેમની દિકરી દિવ્યાએ કહેલી, તે દિવ્યા સ્કુલમાં નોકરી કરતી નથી.

(૧૩) ત્યારબાદ ફરીયાદપક્ષે આંક:૩૧ થી સાહેદ : **ગૌરીબેન મગનભાઈ પરમાર (PW-5)** ને સોગંદ પર તપાસેલ છે. સદર સાહેદ તેમની સરતપાસમાં જણાવે છે કે, તેઓ સને:૨૦૨૩ માં શેત્રા ગામની શ્રી સરસ્વતી વિદ્યામંદીર પ્રાથમીક શાળમાં છેલ્લા ૨૫ વર્ષથી આચાર્ય તરીકે ફરજ બજાવે છે અને ધો.૩ માં વર્ગશિક્ષક તરીકે ફરજ બજાવતા હતા. આ સ્કુલમાં તેમની સાથે કુલ–૭ શિક્ષકો ફરજ બજાવતા હતા. શિક્ષકોમાં સ્નેહીશ્રી લક્ષ્મણભાઈ મીસ્ત્રી,રેણુકાબેન ચંદુભાઈ પટેલ, જીગ્નેશભાઈ મોહનભાઈ બેંકર, શિલ્પાબેન કાળીદાસ ગોહીલ વિ. નાઓ શિક્ષક તરીકે નોકરી કરતા હતા. તેમની શાળમાંમધ્યાહન ભોજન સંચાલક તરીકે શેત્રા ગામના સુશીલાબેન સુરજીતભાઈ રાઠોડ નાઓ હતા અને રસોઈયા તરીકે ચંપાબેન મફતભાઈ ચૌહાણ તથા કોકીલાબેન રમણભાઈ ચૌહાણ નાઓ હતા. તેમની શાળા બપોરની હોય તો સવારના ૧૧:૦૦ થી ૫:૦૦ સુધીનો અને સવારની હોય તો ૭:૦૦થી ૧૧:૦૦ સુધીનો હોય છે. આ સમય દરમ્યાન સરકારશ્રીના નિયમ મુજબ તેમની શાળાના બાળકોને જમવાનું આપવાનું થતું હતું. તેમની સ્કુલમાં રસોઈ બનાવવાનું કામ ચંપાબેન તથા કોકીલાબેન ચૌહાણ નાઓ

કરતા હતા અને સુશીલાબેન સુરજીતભાઈ રાઠોડ સંચાલક હોવાથી તેઓ ફકત દેખરેખ રાખતા હતા. તેઓ જમવાનું બનાવતા ન હતા કે બાળકોને પીરસતા ન હતા. આજથી અંદાજીત બે વર્ષ અગાઉ તેમની સ્કુલમાં શનીવાર હોય સવારની સ્કુલ હોય અને નીચમ મુજબ તેઓ બાળકોને ભણાવતા હતા. સવારના બાળકોને પોણા અગીચાર વાગે જમાડવા બેસાડવાના હતા અને તે દરમ્યાન ગામમાંથી ટોળું આવેલ અને તેઓએ જણાવેલ કે, બાળકોને જમાડવાના નથી, અને તે દરમ્યાન ગામમાંથી ટોળું આવેલું જે લગભગ ૨૫–૩૦ નું ટોળું હશે અતે તેઓએ જણાવેલ કે,બાળકોને જમાડવાના નથી અને પાછળથી તેઓને જાણવા મળેલ કે, ગામના સરપંચ ઈશ્વરભાઈ તથા સુરજીતસીંહ રાઠોડ કે જે મધ્યાહન ભોજનના સંચાલક સુશીલાબેનના પતિ થાય છે તેઓની વચ્ચે તેમની સ્કુલના ગેટની બહાર ઝઘડો થયેલાનું જાણેલ. આ ટોળમાં સરપંચ ઈશ્વરભાઈ, રમેશભાઈ,મઘાભાઈ, રાજેશભાઈ વિ. નાઓ હતા. જેથી તેઓએ આ લોકોને જણાવેલ કે, બાળકોને કેમ જમાડવાના ન થી ? જેથી તે લોકોએ કહેલ કે, અમારે જમાડવાના નથી. તેઓએ આજીજી કરી કે બાળકોને તો જમવા દો તો તે લોકોએ ચોખ્ખી ના પાડેલી.જેથી મધ્યાહન ભોજનની બનાવેલ ખીચડી તળાવમાં નાખી દીધી જેથી તળાવમાં રહેલા દેડકા માછલીઓ ખાઈ શકે. આ સિવાય તેણી બીજું કંઇ જાણતી નથી. પોલીસ આવેલ અને પુછપરછ કરેલી. વધુમાં સદર સાહેદ સરપંચ ઈશ્વરભાઈ તથા આરોપી

રમેશભાઈ નાઓને ના.કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે.

**(૧૩.૧)** જયારે,આરોપીઓ તરફેની ઉલટ તપાસમાં સદર સાહેદ જણાવે છે કે,તેઓ સદર સ્કુલમાં નોકરીથી જોડાઈ તથા નિવૃત્ત થઈ ત્યાં સુધી આચાર્ય તરીકે લગભગ ૨૭ વર્ષ સળંગ નોકરી કરેલ છે. તેણી જયારથી સ્કુલમાં દાખલ થયેલી ત્યારથી મધ્યાહન ભોજન યોજના ચાલુ છે. સુશીલાબેન જે સંચાલક છે તે છેલ્લા દસેક વર્ષથી આ સ્કુલમાં ફરજ બજાવે છે. કહેવાતો ઝઘડો તેઓએ જોયેલો નહી કારણ કે તેઓ સ્કુલમાં હતા. એ વાત ખરી છે કે, તેઓ ઝઘડાવાળી જગ્યાએ પણ ગયેલા નહી. તેઓને સોમવારે વાતો વાતથી જાણવા મળેલ કે, ગામમાં ઝઘડો થયેલો. તેણી ઈશ્વરભાઈ સરપંચને ગામમાં નોકરી કરુ ત્યારથી ઓળખુ છુ. તેઓને ૨૭ વર્ષની નોકરીમાં ઈશ્વરભાઇએ સ્કુલમાં આવી તેમના ત્યાં ચાલતી મધ્યાહન ભોજનના કામમાં અડચણ કરેલ હોય તેવુ બનેલ નથી. તેઓને ત્યાં કામ કરતા સુશીલાબેનને આ ઈશ્વરભાઈનાએ અગાઉ સ્કુલમાં આવી તેઓને જાતિ વિષયક અપશબ્દો બોલેલા હોય કે તેઓને સંચાલક તરીકેના કામમાં અડચણ કરેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે, જે દિવસે ઘટના બનેલી તે દિવસે દિલ્હીથી આરોગ્ય ખાતાની ટીમ આવેલી તેવુ જાણેલુ. તેઓને ખબર નથી કે, આ દિલ્હીથી આવેલ આરોગ્ય ખાતાની ટીમને ફરીયાદીના પતિ સુરજીતસિંહ સાથે બોલાચાલી થયેલી. એ વાત ખરી છે કે, બાળકો જમેલા નહી તેથી મધ્યાહન ભોજન યોજનાની ખિચડી તળાવમાં નાંખી દીધેલી અને તે ખિચડી નાંખી દેવા માટે સરપંચ ઈશ્વરભાઈએ જણાવેલુ નહી. એ વાત ખરી છે કે, મેં મારા પોલીસ નિવેદનમાં એવુ લખાવેલ નથી કે, '' ગામમાંથી ટોળુ આવેલુ જે લગભગ ૨૫–૩૦ નું ટોળુ હશે

અને તેઓએ જણાવેલ કે, બાળકોને જમાડવાના નથી." એ વાત ખરી છે કે, તેઓએ તેમના પોલીસ નિવેદનમાં એવું લખાવેલ નથી કે, "આ ટોળામાં સરપંચ ઈશ્વરભાઈ, રમેશભાઈ, મઘાભાઈ, રાજેશભાઈ વિગેરેનાઓ હતા. જેથી તેઓએ આ લોકોને જણાવેલ કે, બાળકોને કેમ જમાડવાના નથી ? જેથી તે લોકોએ કહેલ કે, અમારે જમાડવાના નથી. તેઓએ આજીજી કરી કે બાળકોને તો જમવા દો તો તે લોકોએ ચોખ્ખી ના પાડેલી."

(૧૪) ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક:૩૨ થી તપાસાયેલ તબીબ સાહેદ :ડો. જાગૃતિ રાજેશકુમાર ચાવડા (PW-6)** તેમના પુરાવામાં જણાવે છે કે, તા.૨૭/૬/૨૩ ના રોજ તેઓ મેડીકલ ઓફીસર તરીકે જનરલ હોસ્પીટલ ખેડા ખાતે ફરજ બજાવતા હતા. તે દરમ્યાન ઈજા પામનાર સુશીલાબેન સુરજીતસીંહ રાઠોડ, ઉ.વ.:૪૨ નાઓને બપોરના ૧:૦૦ વાગે ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા તેમની સમક્ષ સારવાર માટે લાવવામાં અવોલ. ઈજા પામનારને તપાસતા બનાવ અંગે તેઓને હીસ્ટ્રી પુછતા ''સામાવાળા રમેશભાઈ ઠાકોર નાઓએ તા.૨૭/૬/૨૩ ના રોજ સવારના અગીયાર કલાકે ધકકા માર્યાનું જણાવેલ'' ઈજા પામનાર સંપુર્ણ સભાન અવસ્થામાં હતા. દર્દીને તપાસતા જમણા ખભા ઉપર ૦.૫ સેમી.નો ઉઝરડો જોવા મળેલ અને ધકકો વાગવાથી નીચે પડી ગયેલ અને પેટના ભાગે ઈજા થયેલાનું જણાવેલ. દર્દીના જમણા સાથળ ઉપર ૩×૧ સેમી.નો ઉઝરડો જોવા મળેલ. દર્દીને થયેલ ઈજા સામાન્ય પ્રકારની બોથડ અને કઠણ

પદાર્થથી થઈ શકે તેવી અને ૨૪ કલાકની અંદરની હતી. સદર દર્દીને સોનોગ્રાફી કરવા માટે સીવીલ હોસ્પી. અમદાવાદ ખાતે રીફર કરવામાં આવેલ. સદર તબીબ સાહેદ આંક:૩૩ થી દર્દીનું મેડીકલ સર્ટી. તથા આંક:૩૪ થી ઈજા પામનારને તપાસેલ તેના અસલ કેસ પેપર્સ કુલ–૧ પેજમાં રજુ કરી ગયા છે. તેમજ આંક:૩૫ થી તેમની સમક્ષ વી.એન. સોલંકી, ના.પો.અધી.ઈ/ચા.એસ.સી.એસ.ટી.સેલ ખેડા –નડીઆદ નાઓએ ઈજા પામનાર ફરીયાદીનું સારવાર સર્ટી. મેળવવા યાદી કરેલાનું જણાવી ગયા છે.

**(૧૪.૧)** જયારે,આરોપીઓ તરફેની ઉલટ તપાસમાં સદર સાહેદ એ વાત ખરી હોવાનું જણાવે છે કે, દર્દીને તેમની સમક્ષ લાવવામાં આવ્યા ત્યારે તે સંપુર્ણ ભાનમાં હતા. એ વાત ખરી છે કે, દર્દીને થયેલ ઈજા સામાન્ય પ્રકારની હતી અને જેની નોંધ મેડીકલ સર્ટી. માં કરેલી છે. એ વાત ખરી છે કે, આ દર્દીનો એક્ષરે કે અન્ય કોઈ રીપોર્ટ તેઓએ કરાવેલ નથી પરંતુ સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, સોનોગ્રાફી કરાવવા તેઓએ રીફર કરેલા. એ વાત ખરી છે કે, દર્દીએ તેમની સમક્ષ ઉલ્ટી થાય છે કે તાવ આવે છે તેવી કોઈ ફરીયાદ કરેલ નથી. એ વાત ખરી છે કે, મેં જે ઈજાનો ઉલ્લેખ કરેલ છે તેવી ઈજા કોઈ વ્યકિત પડી જાય, લપસી જાય કે અથડાય તો થઈ શકે તેવી છે.

**(૧૫)** ફરીયાદપક્ષે **આંક:૩૬ થી તબીબ સાહેદ :ડો.પ્રદીપભાઈ વિઠ્ઠલભાઈ પટેલ (PW-7)** ને સોગંદ પર તપાસેલા છે. તેઓ

તેમની સરતપાસમાં જણાવે છે કે, તેઓએ એમ.બી.બી.એસ. સુધીનો અભ્યાસ કરેલ છે અને માતર ખાત્રે ગાયત્રી હોસ્પિટલ નામની હોસ્પિટલ છેલ્લા ૪૦ વર્ષ થી ચલાવે છે. ગઈ તા.૨૭.૦૬.૨૦૨૩ના રોજ તેઓ તેમની હોસ્પિટલ પર હાજર હતા તે દરમ્યાન દર્દી નામે <u>સુશીલાબેન.એસ.રાઠોડ</u> નાઓ તેમની ઉપરોક્ત હોસ્પિટલમાં સાંજના સાડા છ કલાકે સારવાર માટે આવેલ અને તેઓને <u>તપાસતા તેઓને તાવ ઉલટી, શરીરનો દુખાવો અને છાતીમાં દુખાવો હોય</u> તેને હોસ્પિટલમાં દાખલ કરેલ અને તેણીનુ બ્લડ રીપોર્ટ, યુરીન રીપોર્ટ કરાવેલ જેમાં યુરીન રીપોર્ટમાં ઈન્ફેક્શન જોવા મળેલ અને સદર દર્દીનુ એચ.બી. ૯.૫% જોવા મળેલ, તેમજ ટોટલ કાઉન્ટ ૯૧૦૦ જોવા મળેલ, તેણીનુ ટેમ્પરેચર ૧૦૦.૪, પલ્સ ૧૦૧, તથા બી.પી. ૯૦/૭૦ જોવા મળેલ અને તેણીને હોસ્પિટલમાં દાખલ કરેલ અને તા.૨૯.૦૬.૨૦૨૩ના રોજ તેણીને ડીસ્ચાર્જ કરેલ. જે અંગેનુ તેઓએ સર્ટી. આપેલાનું જણાવી આંક:૩૭ થી મેડીકલ સર્ટીફીકેટ રજુ કરી તેમાં લખેલા અક્ષરો પોતાના હોવાનું તથા તેમાં પોતાની સહી તથા હોદ્દાનો સિકકો હોવાનું જણાવી ગયા છે. વધુમાં સદર સાહેદ આંક:૩૮ થી દર્દીના અસલ કેસ પેપર્સ તથા ફાઈલ કુલ–૩ પેજમાં રજુ કરી ગયા છે. તેમજ આંક:૩૯ થી વી.એન.સોલંકી, નાયબ પો. અધિક્ષક ઈન્ચાર્જ એસ.સી.એસ.ટી. સેલ ખેડા નડીઆદની ઈજા પામનારનુ સારવાર સર્ટી. આપવા બાબતની યાદી રજુ કરી તેમાં રીસીવ કરનાર તરીકે પોતાની સહી હોવાનું ઓળખી બતાવે છે.

(૧૫.૧) જયારે,આરોપીઓ તરફેની ઉલટ તપાસમાં સદર તબીબ

સાહેદ એ વાત કબુલ કરી ગયા છે કે, આ દર્દી સુશીલાબેનનું તેઓએ એવુ નીદાન કરેલ કે, તેમને યુરીનલ ઇન્ફેક્શન છે અને તેના કારણે તાવ આવે છે. એ વાત ખરી છે કે તેઓએ જે સર્ટી. આપ્યુ તેમા કહેવાતો બનાવ ક્યાં અને કેટલા વાગ્યે બન્યો તેની કોઇ વિગત દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે, તેઓએ આપેલા સર્ટી માં આ સર્ટી. ચોક્કસ કોને ઉદ્દેશીને આપેલ છે તેનુ નામ જણાવેલ નથી. એ વાત ખરી છે કે તેમની પાસે દર્દી આવ્યા ત્યારે એમ. એલ. સી. નો કેસ જણાયો ન હતો. એ વાત ખરી છે કે, આંક – ૩૭ વાળા સર્ટી. ના ડેટના કોલમમાં તેમજ તારીખના આંકડા ઘુંટેલ છે ત્યાં ટૂંકી સહી નથી, તેમજ વર્ષ લખેલ નથી, સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે નીચે વર્ષ ૨૦૨૩ લખેલ છે. એ વાત ખરી છે કે, સર્ટી. માં યુરીન ઇન્ફેક્શનથી કેટલા સમયથી પીડાતા હતા તે લખેલ નથી. એ વાત ખરી છે કે, યુ.ટી.આઇ. ઇન્ફેક્શન હોય તેના લીધે તાવ આવી શકે અને ઉલ્ટી થઇ શકે. એ વાત ખરી છે કે, આવી અશક્તિ હોય તો ક્યારે જાતે પડી જાય અને વાગે પણ ખરૂં. એ વાત ખરી છે કે, આ દર્દી ખેડા સીવીલથી ટ્રાસફર થઇ તેમની હોસ્પિટલમાં આવ્યા ત્યારે તે અંગે કોઇ ટ્રાંસફર ચિઠ્ઠી કે રીફર નોટ કે ડોક્ટરનુ કોઇ સર્ટી. લાવેલા ન હતા.

(૧૬) ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક:૪૦ થી સાહેદ : સ્નેહરશ્મી ચીમનભાઇ સોલંકીને (PW-8)** સોગંદ પર તપાસેલ છે. તેઓ તેમની સરતપાસમાં જણાવે છે કે, તેઓ તા. ૦૧.૦૯.૨૦૨૪ થી મદદનીશ તાલુકા વિકાસ અધિકારી, ખેડા તરીકે ફરજ બજાવે છે. સદર સાહેદ આંક:૪૧ થી તેમની કચેરીના જાતિ નોંધણી અંગેના સને:૨૦૧૩ ના રજીસ્ટરના ક્રમાંક નં.૪૬૩૨ થી તા.૨૨/૪/૧૩ ના રોજ પરમાર સુશીલાબેન હીસાભાઈ

નાઓની હીન્દુ વણકર તરીકે નોંધણી થયેલ તે અંગેની રજીસ્ટરની નોંધની અસલ ઉપરથી કરેલ નકલ રજુ કરી ગયા છે. તેમજ આંક:૭૨ થી તેમની કચેરીના એસ.ટી.એસ.સી. સેલ, ખેડાનાઓએ જાતી અંગેના પ્રમાણપત્રની ખરાઈ કરી આપવા સબંધે કરેલ યાદી રજુ કરી તેમાં રીસીવર તરીકે તેમની ઓફીસના કલાર્કની સહી હોવાનું ઓળખી બતાવે છે. તેમજ આંક:૭૩ થી જાતિનું પ્રમાણપત્ર રજુ કરી તેમાં તેમના તાલુકા વિકાસ અધી. કરણભાઈ પ્રજાપતિની સહી હોવાનું ઓળખી બતાવે છે. વધુમાં સદર સાહેદને આંક – ૨૭ વાળુ પરમાર સુશીલાબેન હિસાભાઇનાઓનુ જાતી અંગેનુ પ્રમાણપત્ર બતાવવામાં આવતા,તે પ્રમાણપત્ર તેમની કચેરી તરફથી ઈસ્યુ કરવામાં આવેલ તે જ હોવાનું જણાવી તેમાં તાલુકા વિકાસ અધીકારી શ્રી એન.એમ.પટેલ નાઓની સહી હોવાનું ઓળખી બતાવે છે.

**(૧૬.૧)** જયારે, સદર સાહેદ તેમની આરોપીઓ તરફેની ઉલટ તપાસમાં એ વાત ખરી હોવાનું જણાવે છે કે, <u>જાતીનો દાખલો વેરીફાઇ કરવા માટે ડી.વાય.એસ.પી.શ્રી દ્વારા કોઇ અરજી આપવામાં આવેલી નહી.</u> સાહેદ જણાવે છે કે, પંચનામુ કરેલ છે.

**(૧૭)** ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક:૭૭ થી સાહેદ : દીપકકુમાર પ્રભુદાસ કાંસકીવાલાને(PW-9)** ને સોગંદ પર તપાસેલ છે. સદર સાહેદ તેમની સરતપાસમાં જણાવે છે કે, તેઓ ગઈ તા.૩૦.૦૬.૨૦૨૩ ના રોજ ખેડા ટાઉન પો.સ્ટે.

ખાતે પી.એસ.ઓ. તરીકે ફરજ ઉપર હાજર હતા દરમ્યાન આ કામના ફરીયાદી સુશીલાબેન સુરજીતસિંહ રાઠોડ (હિન્દુ વણકર), રહે. શેત્રા, તા.જી. ખેડાની ફરીયાદ તેઓના લખાવ્યા મુજબ લખી લીધેલી અને ફરીયાદીએ આંક– ૨૩ વાળી ફરીયાદમાં તેમની રૂબરૂ સહી કરેલ તથા રૂબરૂ તરીકે તેઓએ સહી કરેલ. ફરીયાદીએ ફરીયાદ આપતા સમયે તેઓનુ આંક – ૨૪ વાળું જાતીનુ પ્રમાણપત્ર રજુ કરેલ. ફરીયાદ લીધા બાદ ગુનો રજીસ્ટર્ડ કરેલ. સદર પી.એસ.ઓ. આંક:૪૫ થી અસલ સ્ટેશન ડાયરીના પાના નં.૪૦ ના અનુ. નં.૨૨ ની ખરી નકલ રજુ કરી તે પાના પર સદર ગુનાની નોંધ કરેલાનું જણાવી ગયા છે તથા સદર ગુનો એટ્રોસીટી એક્ટ હેઠળનો હોય આગળની તપાસ ઇન્ચાર્જ ડી.વાય.એસ.પી. શ્રી. કપડવંજ વિભાગના, વી.એન.સોલંકી તરફ મોકલી આપેલી.

(૧૭.૧) જયારે, સદર સાહેદ તેમની આરોપીઓ તરફેની ઉલટ તપાસમાં એ વાત ખરી હોવાનું જણાવે છે કે, <u>ફરીયાદીની ફરીયાદ મુજબ કહેવાતો બનાવ તા.૨૭.૦૬.૨૦૨૩ ના રોજ</u> બનેલો હોવાનુ જણાવેલ છે. એ વાત ખરી છે કે કહેવાતી ફરીયાદ તા.૩૦.૦૬.૨૦૨૩ ના રોજ નોંધાવેલ છે. એ વાત ખરી છે કે, <u>એફ.આઇ.આર. ના કોલમ નં. ૮ માં ફરીયાદ નોંધાવવામાં થયેલ વીલંબની કોઇ વિગત જણાવેલ નથી કે</u> કોઈ ખુલાસો કરેલ નથી. એ વાત ખરી છે કે, કહેવાતો બનાવ બન્યા પછી અમારી ફરજ દરમ્યાનના સમયમાં <u>આરોપીઓ વિરૂધ્ધ બીજી કોઇ ફરીયાદ કરેલ હોય તેવુ બનેલ નથી.</u> એ વાત ખરી છે કે, <u>ચોક્કસ કયા કરીયાણાવાળાએ કરીયાણુ આપવાની ના કહેલ તેવુ ફરીયાદમાં જણાવેલ નથી</u>.

(૧૮) ફરીયાદપક્ષે **આંક:૪૭** થી ગુનાની તપાસ કરનાર પોલીસ અમલદાર : **વિક્રમસિંહ નરેન્દ્રસિંહ સોલંકી (PW-10)** ને સોગંદ પર તપાસેલ છે. તેઓ તેમની સરતપાસમાં જણાવે છે કે, તેઓ તા.૩૦.૦૬.૨૦૨૩ ના રોજ કપડવંજ ડીવીઝનમાં નાયબ પોલીસ અધિક્ષક તરીકે ફરજ ઉપર હતા ત્યારે સદર ગુનાની તપાસ તેઓ ને મળતા તપાસ સંભાળી લીધેલી, તેઓને આંક – ૨૩ વાળી અસલ ફરીયાદ તથા આંક – ૨૪ વાળુ ફરીયાદીનુ જાતીનુ પ્રમાણપત્ર તપાસના કામે મળેલ તેમજ તેઓએ આંક: ૪૮ થી ખેડા સીવીલ હોસ્પીટલને યાદી કરેલાનું જણાવી ઈજા પામનારસુશીલાબેનના મેડી. સર્ટીફીકેટની માગણી કરેલાનું જણાવી તે યાદીમાં પોતાની સહી હોવાનું ઓળખી બતાવે છે. તેઓએ આંક – ૩૩, ૩૯, તથા આંક – ૩૭ વાળા મેડીકલ સર્ટી. તપાસના કામે મેળવી સામેલ રાખેલ તેમજ તેઓએ આંક – ૨૬ વાળુ અસલ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ બે સક્ષમ પંચોની હાજરીમાં આ કામના સાહેદ સુરજીતસિંહે ગુનાવાળી જગ્યા બતાવતા ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરી લેવામાં અ ા વેલું, આ કામે આંક – ૪૨ તથા ૪૩ મેળવી તપાસના કામે મેળવી સામેલ રાખેલ તે તે જ છે. તેઓએ સદર કામે તપાસ દરમ્યાન લાગતા વળગતા સાહેદોના નિવેદનો તેમના લખાવ્યા મુજબ લખી લઈ, તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમાં આરોપી રમેશ સાંકાભાઈ ચૌહાણ વિરૂધ્ધ ચાર્જશીટ કરેલું, તથા ચાર્જશીટના કોલમ નં. ૨ માં નાસતા ફરતા આરોપીના કોલમમાં ઈશ્વરભાઈ કાભાઈભાઈ ચૌહાણનાઓને બતાવેલા. ત્યારબાદ આ કામનો નાસતો ફરતો આરોપી

ઈશ્વરભાઇ ચૌહાણનાઓએ નામ. વડી અદાલતમાંથી આગોતરા જામીન મેળવી હાજર થતા અને આ આરોપી વિરૂધ્ધ પણ પુરતો પુરાવો હોય તેઓએ નામ. કોર્ટમાં પુરવણી ચાર્જશીટ કરેલુ. તેઓએ અટક કરેલ આરોપીઓ કોર્ટમાં હાજર હોય ના.કોર્ટ રૂબરૂ આરોપીઓને ઓળખી બતાવે છે.

(૧૮.૧) જયારે, આરોપીઓ તરફેની ઉલટ તપાસમાં સદર ત.ક.અમલદાર એ વાત ખરી હોવાનું જણાવે છે કે, આ કેસની તપાસ તેઓને એસ.પી. સાહેબ મારફત સોંપવામાં આવેલી. એ વાત ખરી છે કે, આ કામની ફરીયાદ ખેડા ટાઉન પો.સ્ટે. દ્વારા નોંધવામાં આવેલી, આ ગુનાના કામે તેમને તપાસ તેઓને મળતા ગુના સબંધે પ્રાથમીક તપાસ કરેલી. એ વાત ખરી છે કે, તેમની પાસે તપાસ આવ્યા બાદ ફરીયાદી તથા તમામ સાક્ષીઓના નિવેદન તેમના દ્વારા નોંધવામાં આવેલા. એ વાત ખરી છે કે તેઓએ ગુનાવાળી જગ્યાએ જઇને તપાસ કરેલી. એ વાત ખરી છે કે,બનાવ સમયે બનાવ સ્થળે શાળાના શીક્ષક તથા આચાર્ય હાજર ન હતા. એ વાત ખરી છે કે, બનાવના નજરે જોનારા સાહેદોના ફરીયાદીના સંબંધી સીવાય કોઈ સ્વતંત્ર સાહેદનુ નિવેદન લીધેલ નથી, સાહેદ જણાવે છે જે કોઈ સ્વતંત્ર સાહેદ મળેલ ન હતા. એ વાત ખરી છે કે, ગુનો બન્યો તે દિવસે દિલ્હીથી આરોગ્ય ખાતાની ટીમ સર્વે કરવા શેત્રા ગામના સ્થાનીક હેલ્થ વર્કર સાથે આવી હતી. એ વાત ખરી છે કે, દિલ્હીથી આરોગ્ય ખાતાની ટીમ આવેલી તેની સાથે આ કામના ફરીયાદીના પતિ સુરજીતસિંહેને ઝગડો થયાનુ તેમની તપાસમાં લીધેલા નિવેદનો પૈકી બે સાહેદોએ જણાવેલ. એ વાત ખરી છે કે, સાહેદ હસુમતીબેન ઉર્ફે હેતલબેન મુકેશભાઇ પરમાર તથા પ્રતિકકુમાર રામજીભાઇ

પટેલના નિવેદન તેઓએ લીધેલા. એ વાતની તેમને ખબર નથી કે સદરહું બન્ને સાહેદોમાંથી કોઇએ સુરજીતસિંહ સામે કોઇ ફરીયાદ કરેલ છે કે કેમ? એ વાત ખરી છે કે, કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનથી ફરીયાદીને જાતીવિષયક અપશબ્દો બોલ્યાનુ કોઇ સમર્થન મળતુ નથી.

**બચાવપક્ષે તપાસાયેલ સાહેદોનો પુરાવો :–**

(૧૯) સદર કામે બચાવપક્ષે **આંક:પર થી તપાસાયેલ સાહેદ : હસુમતીબેન મુકેશભાઇ પરમાર (ડી.ડબલ્યુ.નં.૧)** ને સોગંદ પર તપાસેલ છે. સદર સાહેદ તેમની સરતપાસમાં જણાવે છે કે, તેઓ શેત્રા ગામમાં આશા વર્કર તરીકે કામ કરે છે. તા.૨૭.૦૬.૨૦૨૩ ના રોજ તેઓ અને તેમની નેશનલ ફેમીલી હેલ્થ સબંધેની ટીમ આવેલી તેની સાથે શેત્રા પંચાયતમાંથી બહાર નીકળ પ્રાથમીક શાળામાં સવારના ૧૧:૦૦ વાગ્યે જતા હતા, તે સમયે સુરજીતભાઈ કે જે ફરીયાદી સુશીલાબેનના પતિ થાય છે તે કોઇ એક માણસ સાથે માથાકુટ કરતા હતા, શુ બાબતે માથાકુટ કરતા હતા તે ખબર નથી. તેમજ તે સમયે તેઓ તથા તેમની ટીમ નીકળતા હતા તે વખતે આ સુરજીતસિંહ જે વ્યકિત સાથે માથાકુટ કરતા હતા તેને મુકી તેમની ટીમ સાથે પુછપરછ કરવા લાગેલા. તેમજ તેઓ તેમની સાથે ટીમ આવેલી હતી તેને પુછપરછ કરતા તે ટીમવાળાઓએ જણાવેલ તેઓ સર્વે કરવા આવેલા છે અને આ સબંધે સરપંચને જાણ કરેલ જેથી આ સુરજીતસિંહ ગમે તેમ ગંદી ગાળો બોલવા લાગેલ અને જણાવેલ કે "સરપંચ તમારા બાપા થાય છે?" આ દરમ્યાન તેઓએ સરપંચ ચૌહાણ ઇશ્વરભાઇ કાભાઇભાઇને ફોન કરીને બોલાવેલા જેથી તે જગ્યાએ આવી ગયેલા અને બન્ને પક્ષે ઝગડો શાંત કરીને બન્ને પક્ષે પોતપોતાના કામે ગયેલા અને સરપંચ પણ ત્યાંથી જતા રહેલા ત્યારબાદ તેઓ તથા તેમની

ટીમ જે સર્વે માટે આવેલ હતા તે કામગીરી કરવા માટે જતા રહેલા. આ સીવાય તેઓ બીજુ કશુ જાણતી નથી. ઈશ્વરભાઇને તેઓ ઓળખે છે અને સુરજીતસીંહ આજરોજ કોર્ટમાં હાજર નથી.

(૧૯.૧) જયારે, ફરીયાદપક્ષ તરફેની ઉલટ તપાસમાં સદર સાહેદ એ વાત ખરી હોવાનું જણાવે છે કે, તેણી સ્કુલના ઝાંપે ગઇ તે પહેલા બનાવ બની ચુક્યો હતો. એ વાત ખરી છે કે સુશીલાબેનને રમેશભાઈ સાંકાભાઇ ચૌહાણ અને ઈશ્વરભાઈ કાભાઇભાઈ ચૌહાણ સાથે જે બનાવ બન્યો તે સબંધે તેમને કોઇ જાતમાહીતી નથી. એ વાત ખરી છે કે, સુરજીતભાઇ તેઓ વિરૂધ્ધ ગમે તેમ બોલતા હતા, તે બાબતે તેઓને તેમની સાથેની ટીમ સાથે ચર્ચા થયેલી. એ વાત ખરી છે કે, રમેશભાઈ સાંકાભાઇ ચૌહાણ અને ઈશ્વરભાઈ તેમના ગામના છે. હવે તેઓ કહે છે કે,તેણી ગોવિંદપુરા ગામની છુ જયારે તે લોકો શેત્રા ગામના છે. એ વાત ખરી છે કે, બનાવના દિવસે શેત્રા ગામના સરપંચ તરીકે કોઈ ન હતું. એ વાત ખરી છે કે, તેઓ રમેશભાઈ સાંકાભાઈ ચૌહાણ અને ઈશ્વરભાઈ ચૌહાણનાઓએ આ બનાવ અગાઉથી ઓળખે છે કારણકે તેઓ આ ગામમાં બારેક વર્ષથી આશા વર્કર તરીકે નોકરી કરે છે.

(૨૦) ત્યારબાદ બચાવપક્ષે **આંક:૫૩ થી તપાસાયેલ સાહેદ : પ્રતિકકુમાર રામજીભાઈ પટેલ (ડી.ડબલ્યુ.નં.૨)** ને સોગંદ પર તપાસેલા છે. તેઓ સરતપાસમાં જણાવે છે કે, તેઓ છેલ્લા ૧૧ વર્ષથી પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર નાયકાના સબસેન્ટર વડાલા ખાતે હેલ્થ વર્કર તરીકે ફરજ બજાવે છે. બનાવ આજથી આશરે બે – એક વર્ષ અગાઉ બનેલ. તે સમયે તેઓ તેમની ફરજ ઉપર નાયકા પી.એચ.સી. માં હાજર હતો તે સમયે સવારના ૧૦:૩૦ વાગ્યાની આસપાસ તેમના તાલુકા હેલ્થ ઓફીસર શ્રી. ડો.

યુનુસખાન પઠાણ સાહેબેનો મારા મોબાઇલ ઉપર ફોન આવેલ અને જણાવેલ કે "શેત્રા ગામમાં જે ફેમીલી હેલ્થની ટીમ બહારથી આવેલી છે જે શેત્રા વણકર વાસમાં ફેમીલી હેલ્થ સર્વે કરવા ગઈ હતી <u>તેમની સાથે આશા વર્કર હસુમતીબેન પણ હતા,</u> ત્યાં આગળ કોઈ શૈલેષ પરમાર નામના વ્યક્તિને આ આશા વર્કર બેન તથા તેમની સાથે ગયેલી ટીમ સાથે તકરાર થયેલી છે. "ત્યારબાદ હુ શેત્રા ગામે બનાવ સ્થળે કે જ્યાં પંચાયત તથા ડેરી આવેલી છે ત્યાં આશરે અગીયારેક વાગ્યે મારા સાહેબનો ફોન આવતા હુ ત્યાં ગયેલ. ત્યાં જઇને મે સરપંચ ઇશ્વરભાઈ કાભાઇભાઈ ચૌહાણને ફોન કરેલ અને ફોન કરતા તેઓ બનાવ સ્થળે આવેલા અને આ શૈલેષ જે તેઓ જણાવે છે તેનુ ઉર્ફે નામ સુરજીત પણ છે, તેને શાંત પાડીને ઘરે મોકલેલો અને તેમની જે ટીમ હતી તેને લઈ આ સરપંચ પરત પંચાયત ઓફીસે આવેલા.

(૨૦.૧) જયારે, ફરીયાદપક્ષે થયેલ ઉલટ તપાસમાં સદર સાહેદ <u>એ વાત ખરી હોવાનું જણાવે છે કે,તેમની ટીમ સાથે શૈલેષ ઉર્ફે સુરજીતસિંહનાઓએ માથાકુટ કરેલ</u> તે સબંધે તેઓએ આ શૈલેષ વિરૂધ્ધ કોઈ પોલીસ ફરીયાદ કરેલ નથી. એ વાત ખરી છે કે, સ્કુલ આગળ જે બનાવ બન્યો તે બાબતે તેમને કોઈ જાતમાહીતી નથી. સાહેદ જણાવે છે કે, તે રીક્ષા ચલાવે છે તેમજ તેની દિકરીને પી.એચ.સી. માં કેસ પેપર્સ કાઢવા માટે રાખેલા જેથી તેઓ ઓળખે છે. એ વાત ખરી છે કે આ શૈલેષ ઉર્ફે સુરજીતનુ આખુ નામ તેઓ જાણતા નથી. એ વાત ખરી છે કે, તેમના સાહેબે પણ આ શૈલેશભાઈ વિરૂધ્ધ કોઈ ફરીયાદ આપવા જણાવેલ નથી. એ વાત ખરી છે કે, તેઓ ઇશ્વરભાઈ સરપંચ તે વખતે હતા તેમને છેલ્લા ૮ વર્ષથી ઓળખુ છું. એ વાત ખરી છે કે, તેઓને ઇશ્વરભાઇને અવારનવાર મળવાનુ થાય છે.

***<u>મુલ્યાંકન</u> ***

**(૨૧)** આમ,ઉપરોકત કામે ફરીયાદપક્ષે તપાસાયેલા ફરીયાદી, અન્ય સાહેદો તથા પોલીસ સાહેદની તથા તપાસ કરનાર અમલદારની જુબાની જોતા તથા ફરીયાદપક્ષના કેસની હકીકતને નિ:શંકપણે પુરવાર કરવા માટે જે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે અને તે સંદર્ભે ઇ.પી.કોડની કલમ–૩૨૩,૫૦૪,૫૦૬(૨) ની જોગવાઇ જોતા, તે નીચે મુજબ છે.

**<u>Section 323</u> :** Punishment for voluntarily causing hurt

Whoever, except in the case provided for by section 334, voluntarily causes hurt, shall be punished with imprisonment of either description for a term which may extend to one year, or with fine which may extend to one thousand rupees, or with both.

**<u>Section 504</u> :** Intentional insult with intent to Provoke breach of the peace,

Whoever intentionally insults, and thereby gives provocation to any person,intending or knowing it to be likely that such provocation will cause him to break the public peace, or to commit any other ofence,shall be punished with imprisonment of either description for a team which may extend to two years, or with fne, or with both,

**<u>Section 506(2) Punishment for criminal intimidation:</u>**

If threat be to cause death or grievous hurt,etc.: and

if the threat be to cause death or grievous hurt, or to cause the destruction of any property by fre,or to cause an ofence punishable with death or [imprisonment for life], or with imprisonment for a term which may extend to seven years,or to impute,unchastity to a woman, shall be punished with imprisonment of either description for a term which may extend to even years,or with fine,or with both.

**(૨૧.૧)** આમ,સદર કામે રજુ થયેલ તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, સદર કામે મહત્વના કહી શકાય તેવા **ફરીયાદી :સુશીલાબેન સુરજીતસિંહ રાઠોડ તેમના આંક:૨૨** ની સરતપાસમાં **આંક:૨૩** થી રજુ ફરીયાદની હકીકતને સમર્થનકારક જુબાની આપવાનો પ્રયત્ન કરેલ છે. જયારે, બચાવપક્ષે થયેલ ઉલટટ તપાસમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, તેઓ તેઓ સને:૨૦૦૪ થી મધ્યાહન ભોજન યોજના,શેત્રા પ્રાથમીક શાળામાં સંચાલક તરીકે નોકરી કરે છે,જેમાં તેમને કુલ–૩ જણાનો સ્ટાફ છે અને બનાવના દીવસે પણ તે લોકો હાજર હતા તેમછતાં ઝઘડાનો અવાજ આવતા તેઓ એકલા જ બહાર નીકળેલાનું જણાવે છે અને તે વખતે ઝઘડો ચાલુ હોવાનું તથા તેમના પતિને ઝઘડાનું કારણ પુછેલ નહી અને તેમના પતિ સાથે આરોપીઓને ઝઘડો ચાલતો હોવાનું જણાવે છે અને <u>બનાવના સ્થળે આશરે પચાસેક માણસોનું ટોળું ભેગું થયેલાનું જણાવે છે</u> જયારે,બનાવના દીવસે જ દીલ્હીથી આરોગ્ય ખાતાની ટીમ તેમની શાળામાં આવેલ કે કેમ, તેની ખબર ન હોવાનું જણાવે છે. વધુમાં ઉલટ તપાસમાં જણાવે છે કે, <u>તેઓએ સારવાર આપનાર ડોકટર</u>

રૂબરૂ પણ કોઈ આરોપીનું નામ જણાવેલ નથી અને તેઓને સારવાર માટે અમદાવાદ સીવીલમાં રીફર કરવા છતાં તેઓ બીજી હોસ્પીટલમાં ગયેલાનું સ્વીકારે છે. વધુમાં તેઓએ એ હકીકત પણ સ્વીકારેલ છે કે,હાલની ફરીયાદ સિવાય આ કામના આરોપીઓ વિરૂધ્ધ અન્ય કોઈ ફરીયાદ દાખલ કરેલી નથી અને હાલના બનાવ બાદ પણ રોજબરોજની કામગીરી સારી રીતે અને શાંતિથી કરી શકે છે.

(૨૧.૨) તે જ રીતે ફરીયાદપક્ષે અન્ય તપાસાયેલ સાહેદ કે જેઓ સદરહું ફરીયાદીબેનના પતિ થાય છે તેવા સાહેદ સુરજીતસિંહ નટુભાઈ રાઠોડ તેમની **આંક:૩૦ થી રજુ કોર્ટ રૂબરૂની સરતપાસમાં ફરીયાદીની સરતપાસ**ની હકીકતોને સમર્થનકારક જુબાની આપવાનો પ્રયત્ન કરેલ છે પણ સાથોસાથ તેઓ એ પણ જણાવે છે કે, આ કામના આરોપી ઈશ્વરભાઈ કાભાઈભાઈ ચૌહાણ બનાવ સમયે સરપંચ હતા અને બનાવ ચાલુ હતો તે દરમ્યાન તેઓ આવેલાનું જણાવે છે. જયારે, ફરીયાદી બનાવવાળા સ્થળે સદરહું ઈશ્વરભાઈ હાજર હોવાનું જણાવે છે. એટલે કે, ફરીયાદપક્ષના જ ફરીયાદી તથા નજરે જોનાર સાહેદ કે જેઓ ફરીયાદીના પતિ થાય છે, તેઓ એકબીજાથી વિરોધાભાસી જુબાની આપતા હોવાનું જણાય આવે છે.

(૨૨) વધુમાં **આંક:૩૦ થી તપાસાયેલ સાહેદ સુરજીતસિંહ નટુભાઈ રાઠોડ** તેમની આરોપી તરફેની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપી ઈશ્વરભાઈ ગામમાં ઘણા વર્ષોથી સરપંચ તરીકે ચુંટાઈ આવે છે તેમજ તેમના પત્નીએ જે બે વ્યકિત વિરૂધ્ધ ફરીયાદ કરેલ છે તેઓ શાળામાં નોકરી કરતા નથી કે શાળાના વહીવટમાં કે મધ્યાહન ભોજન યોજનામાં કોઈ જગ્યાએ સંકળાયેલા નથી તેમછતાં ખોટી રીતે બનાવ ઉભો કરવા માટે ખોટી રીતે શાળા આગળ બનાવ

બનેલાનું જણાવેલ છે. વધુમાં સદરહું સાહેદે સ્વીકારેલ છે કે, આ ઝઘડામાં તેઓને છોડાવવા કોઈ પડેલ નહી જયારે ફરીયાદી કે જેઓ સદર સાહેદના પત્ની થાય છે તેઓએ તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં બનાવ સમયે પચાસેક માણસોનું ટોળું હાજર હોવાનું જણાવે છે. જયારે, સદરહું સાહેદ બનાવ સમયે હાજર હોવા છતાં તેવી કોઈ જ હકીકત જણાવતા નથી.

(૨૩) સદર કામે **આંક:૩૧ થી તપાસાયેલ સાહેદ ગૌરીબેન મગનભાઈ પરમાર** તેઓની કોર્ટ રૂબરૂની જુબાનીમાં બનાવ સમયે અને બનાવ તારીખે તેઓ સદરહું શેત્રા ગામની શ્રી સરસ્વતી વિદ્યામંદીર પ્રાથમીક શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવતા હોવાનું અને બનાવ સમયે તેઓ શાળામાં હોવાનું જણાવે છે તેથી મહત્વત્ની કોઈ હકીકત જણાવતા નથી અને ઈશ્વરભાઈ સરપંચ હોવાનું તથા રમેશભાઈ ગામના હોય તેઓને ઓળખતા હોવાનું જણાવે છે. બચાવપક્ષની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, સત્યાવીસ(૨૭) વર્ષથી આ સ્કુલમાં નોકરી કરે છે તેમજ તેઓ ઝઘડાવાળી જગ્યાએ ગયેલ નહી અને વાતોવાતથી તેઓને બનાવની જાણ થયેલ અને ઈશ્વરભાઈ સરપંચને ગામમાં નોકરી કરે ત્યારથી ઓળખે છે,તેઓની ૨૭ વર્ષની નોકરીમાં ઈશ્વરભાઈએ સ્કુલમાં આવી તેમના ત્યાં ચાલતી મધ્યાહન ભોજનના કામમાં અડચણ કરેલ હોય તેવું બનેલ નથી તેમજ ફરીયાદી સુશીલાબેનને આ ઈશ્વરભાઈ નાઓએ અગાઉ સ્કુલમાં આવી તેઓને જાતિ વિષયક અપશબ્દો બોલેલા હોય કે તેઓને સંચાલક તરીકેના કામમાં અડચણ કરેલ હોય તેવું બનેલ નહી. વધુમાં તેઓએ એ પણ સ્વીકારેલ છે કે,તેમની સ્કુલમાં દીલ્હીથી આરોગ્ય ખાતાની ટીમ આવેલ,મધ્યાહન ભોજન યોજનાની ખીચડી બાળકો જમેલા નહી જેથી તળાવમાં નાખી દેવી પડેલી અને આ ખીચડી

નખી દેવા માટે સરપંચ ઈશ્વરભાઈએ કોઈ વિગત જણાવેલ નહી અને સ્વીકારેલ છે કે, ટોળામાં સરપંચ ઈશ્વરભાઈ, રમેશભાઈ,માઘાભાઈ, રાજેશભાઈ વિગેરેનાઓ હતા અને તેઓએ આ લોકોને જણાવેલ કે, બાળકોને કેમ જમાડવાના નથી ? જેથી તે લોકોએ જણાવેલ કે, અમારે જમાડવાના નથી અને તેઓએ આજીજી કરેલ કે, બાળકોને તો જમવા દો. તો આરોપીઓએ ચોખ્ખી ના પાડેલી. આવી કોઈ જ વિગતો પોલીસ રૂબરૂ જણાવેલ ન હોવાનું જણાવે છે.

(૨૪) ત્યારબાદ આ કામના ફરીયાદપક્ષે તપાસાયેલ **ગુનાવાળી જગ્યાના પંચસાહેદ આંક:૨૬ થી તપાસાયેલ પંચસાહેદ કમલેશભાઈ શકરાભાઈ શેનવા તથા આંક:૨૮ થી તપાસાયેલ પંચસાહેદ : વિનુભાઈ ભલાભાઈ પરમાર** તેઓની કોર્ટ રૂબરૂની જુબાનીમાં માત્ર આંક:૨૭ વાળા ગુનાવાળી જગ્યાના પંચનામા કરેલ સહી ઓળખી બતાવે છે. આમ, ફરીયાદપક્ષે સદરહું **આંક:૨૭** વાળું મહત્વનું કહી શકાય તેવું પંચનામું પોતાના પુરાવાથી પુરવાર કરી શકેલ નથી.

(૨૫) વધુમાં આ કામે ફરીયાદપક્ષે ફરીયાદીને સારવાર આપનાર ડોકટર સાહેદ **આંક:૩૨ થી ડો.જાગૃતિ રાજેશકુમાર ચાવડા** તેઓની કોર્ટ રૂબરૂની જુબાનીમાં બનાવના દીવસે તેઓ ખેડા જનરલ હોસ્પીટલ ખાતે મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવતા હતા ત્યારે ફરીયાદી: સુશીલાબેન સુરજીતસીંહ રાઠોડ નાઓને ૧૦૮ એમ્બ્યુલન્સ ધ્વારા તેમની સમક્ષ સારવાર માટે લાવેલા અને તેઓએ તેમની રૂબરૂ હીસ્ટ્રીમાં ''સામાવાળા રમેશભાઈ ઠાકોર નાઓએ તા.૨૭/૬/૨૦૨૩ ના રોજ સવારના અગીયાર કલાકે ધકકા મારેલાનું જણાવેલ''સદરહું દર્દી સભાન સંપુર્ણ સભાન અવસ્થામાં હોવાનું તથા તેઓને સારવાર

આપેલાની વિગત જણાવે છે અને આંક:૩૩ થી મેડીકલ સર્ટીફીકેટ , આંક:૩૪ થી અસલ કેસ પેપર્સ તથા આંક:૩૫ થી ત.ક.અમલદારે સારવાાર સર્ટી આપવા માટે કરેલ યાદી રજુ કરેલ છે. જયારે, તેઓની બચાવપક્ષે થયેલ ઉલટ તપાસ વંચાણે લેતા, તેઓ જણાવે છે કે, દર્દી સંપુર્ણ ભાનમાં હતા અને તેઓને થયેલ ઈજા સામાન્ય પ્રકારની હતી અને તેઓએ દર્દીનો કોઇ એકસ–રે કે અન્ય રીપોર્ટ કરાવેલ નથી પરંતુ,સોનોગ્રાફી કરાવવા માટે રીફર કરેલ પરંતુ,દર્દીએ તેમની સમક્ષ ઉલ્ટીથાય છે કે તાવ આવ્યાની કોઇ હકીકત જણાવેલ નથી, તેઓએ જે ઈજાનો ઉલ્લેખ કરેલ છે તેવી ઈજા કોઇ વ્યકિત પડી જાય, લપસી જાય કે અથડાય તો થઇ શકે તેવી હોવાનું જણાવે છે.

(૨૫.૧) આ સંદર્ભે **આંક:૩૬ થી તપાસાયેલ ડોકટર સાહેદ ડો.પ્રદીપભાઈ વિઠ્ઠલભાઈ પટેલ**ની કોર્ટ રૂબરૂની જુબાની જોતા, તેઓએ તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં ફરીયાદી:સુશીલાબેનને સારવાર આપનાર ડોકટર જાગૃતિબેન ચાવડા જણાવે છે તેવી કોઇ હકીકત જણાવેલ હોવાનું જોઇ શકાતું નથી. ઉલ્ટાનું ફરીયાદી તેઓએ ૩–૪ દીવસ સારવાર કરાવેલાનું જણાવે છે જયારે, સદરહું સારવાર આપનાર ડોકટર આવી કોઇ હકીકત જણાવતા નથી.

(૨૬) તે જ રીતે ફરીયાદપક્ષે આ કામે **આંક:૪૪ થી તપાસાયેલ પોલીસ સાહેદ દીપકકુમાર પ્રભુદાસ કાંસકીવાલા** કે જેઓ બનાવ સમયે ખેડા ટાઉન પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે તા.૩૦/૬/૨૦૨૩ ના રોજ ફરીયાદીના લખાવ્યા મુજબની ફરીયાદ નોંધેલાનું તથા તેની સાથે જાતિનું પ્રમાણપત્ર આપેલાનું જણાવે છે. સદરહેં સાહેદ બચાવપક્ષની ઉલટ

તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, કહેવાતો બનાવ તા.૨૭/૬/૨૦૨૩ ના રોજ બનેલ જયારે કહેવાતી ફરીયાદ તા.૩૦/૬/૨૦૨ ના રોજ નોંધાવેલ છે. પરંતુ એફ.આઈ.આર. ના કોલમ નં.૮ માં ફરીયાદ નોંધાવવામાં થયેલ વિલંબ બાબતે કોઇ વિગત જણાવેલ નથી કે તે સંબંધે ફરીયાદીએ પણ કોઈ ખુલાસો કરેલ નહી હોવાનું જણાવે છે. વધુમાં તેઓએ એ પણ સ્વીકારેલ છે કે, કહેવાતો બનાવ બન્યા પછી તેમની ફરજ દરમ્યાનના સમયમાં આરોપીઓ વિરૂધ્ધ બીજી કોઇ ફરીયાદ કરેલ હોય તેવું બનેલ નથી તેમજ ચોકકસ કયા કરીયાણાવાળાએ કરીયાણું આપવાની ના કહેલ તેવું ફરીયાદમાં જણાવેલ નથી. જયારે, આ સંદર્ભે આંક:૨૨ થી તપાસાયેલ ફરીયાદી: સુશીલાબેન તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં બનાવના દીવસે સારવાર લઇને તેઓ ઘરે ગયા બાદ તેઓ દૂધ તથા કરીયાણું લેવા ગયા ત્યારે ગામના દુકાનદારોએ તેમને ના પાડેલ અને કહેલ કે, ગામના સરપંચ ઇશ્વરભાઈ કાભઈભાઈ ચૌહાણ નાઓએ ના કહેલ છે. આમ, સદરહું ફરીયાદી જાતે જ તેઓની ફરીયાદમાં જે હકીકતો જણાવેલ નથી,તેવી હકીકતો કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવેલાનું સ્પષ્ટપણે જણાય આવે છે.

(૨૭) તે જ રીતે **આંક:૪૭ થી તપાસાયેલ ત.ક.અમલદાર : વિક્રમસિંહ નરેન્દ્રસિંહ સોલંકી** નાઓ તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં સરતપાસમાં પોતાની ફરજના ભાગરૂપે કરેલ કાર્યવાહી કરેલાનું જણાવે છે જયારે, બચાવપક્ષે થયેલ ઉલટ તપાસમાં <u>તેઓએ પણ સ્વીકારેલ છે કે, બનાવ સમયે બનાવ સ્થળે શાળાના શીક્ષક તથા આચાર્ય હાજર ન હતા</u> અને બનાવના નજરે જોનાર સાહેદોમાં ફરીયાદીના સંબંધી સિવાય કોઇ સ્વતંત્ર સાહેદનું નિવેદન લીધેલ ન હતું, સાહેદ જણાવે છે

કે, કોઈ સ્વતંત્ર સાહેદ મળેલ ન હતા. વધુમાં તેઓએ એ હકીકત પણ સ્વીકારેલ છે કે, તેમની તપાસમાં એવું ખુલેલ કે, ગુનો બન્યો તે દીવસે દીલ્હીથી આરોગ્ય ખાતાની ટીમ સર્વે કરવા શેત્રા ગામના સ્થાનીક હેલ્થ વર્કર સાથે આવી હતી અને આ ટીમ સાથે આ કામના ફરીયાદીના પતિ સુરજીતસીંહને ઝઘડો થયાનું તેઓની તપાસમાં લીધેલા નિવેદનો પૈકી બે સાહેદોએ જણાવેલ તેમજ તેઓએ એ હકીકત પણ સ્વીકારેલ છે કે,સાહેદ હસુમતીબેન ઉર્ફે હેતલબેન મુકેશભાઈ પરમાર તથા પ્રતિકકુમાર રામજીભાઈ પટેલના નિવેદન તેઓએ લીધેલા. વધુમાં તેઓએ એ હકીકત પણ સ્વીકારેલ છે કે,તેમની તપાસ દરમ્યાન કોઈપણ સ્વતંત્ર સાહેદોના નિવેદનથી ફરીયાદીને જાતિ વિષયક અપશબ્દો બોલ્યાની હકીકતને કોઈ જ સમર્થન મળેલ નથી.

(૨૭.૧) આમ, સદરહું તપાસ કરનાર અમલદાર પણ તેમની કોર્ટ રૂબરૂની જુબાનીથી પણ ફરીયાદી તેમની ફરીયાદમાં જણાવે છે તેવી કોઈ જ હકીકતો બનાવના દીવસે,સમયે અને સ્થળે બનેલ હોય તેવી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી.

<u>**બચાવપક્ષે રજુ થયેલ પુરાવો :-**</u>

(૨૮) વધુમાં આ કામે બચાવપક્ષે આંક:પર થી સાહેદ : હસુમતીબેન મુકેશભાઈ પરમારને તથા આંક:પ૩ થી સાહેદ : પ્રતિકકુમાર રામજીભાઈ પટેલને સોગંદ પર તપાસેલ છે. આંક:પર થી તપાસાયેલ સાહેદ : હસુમતીબેન પરમાર તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવે છે કે, બનાવ સમયે,સ્થળે અને તારીખે આ કામના ફરીયાદી સુશીલાબેનના પતિ શૈલેષ ઉર્ફે સુરજીતસિંહ નામના વ્યકિતને આ આશા વર્કર બેન તથા તેમની સાથે ગયેલી ટીમ સાથે માથાકુટ કરતા હોવાનું જણાવેલ

છે અને તે સમયે તેઓ તેમની ટીમ સાથે નીકળતા હતા તે વખતે આ સુરજીતસીંહ જે વ્યકિત સાથે માથાકુટ કરતા હતા તેને મુકીને તેમની ટીમ સાથે પુછપરછ કરવા લાગેલા. જેમાં તેમની ટીમે જણાવેલ કે,તેઓ સર્વે કરવા આવેલા છે અને તેઓએ આ સંબંધે સરપંચને જાણ કરેલ છે. જેથી આ સુરજીતસીંહ ગમેતેમ ગંદી ગાળો બોલવા લાગેલ અને જણાવેલ કે,'' સરપંચ તમારા બાપા થાય છે ? '' જેથી તેઓએ સરપંચને ફોન ધ્વારા જાણ કરેલ અને તે વખતે સરપંચ બનાવ સ્થળે આવેલા અને ઝઘડો શાંત કરીને બંને પક્ષવાળા પોતપોતાના કામે ગયેલા અને સરપંચ પણ ત્યાંથી જતા રહેલા. આ સિવાય બીજું કશું બનેલ નહી. જયારે, આ સાહેદ ફરીયાદપક્ષે થયેલ ઉલટ તપાસ જોતા, તેમાં કોઈ મહત્વની હકીકત સરતપાસમાં જણાવે છે, તેનાથી વિરોધાભાસી હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. ઉલ્ટાનું બનાવ સમયે, સ્થળે અને બનાવ તારીખે ફરીયાદી જણાવે છે તેમ નહી પરંતુ, બચાવપક્ષના આ સાહેદો જણાવે છે તેવી હકીકતે આ બનાવ બનેલાનું રેકર્ડ ઉપર આવેલ છે.

(૨૯) આમ, સદર કામે કહેવાતી ફરીયાદ ત્રણ દીવસના વિલંબ બાદ નોંધવામાં આવેલ છે. પરંતુ, ફરીયાદી ધ્વારા તેમના પુરાવા દરમ્યાન, એફ.આઈ.આર.ના કોલમ નં.૮ માં તેમજ વિશેષ નિવેદનમાં પણ ફરીયાદ મોડી આપવા અંગેનો કોઈ ખુલાસો કરેલ નથી. આમ,બનાવ શરૂઆતથી શંકાસ્પદ હોવાનું જણાય છે, તેમજ ફરીયાદીએ પુરતો વિચાર કરીને ગોઠવીને ફરીયાદ આપેલ હોય, ફરીયાદી: સુશીલાબેન તથા તેમના પતિ સુરજીતસીંહના પુરાવાથી આંક:૨૩ થી રજુ ફરીયાદની હકીકતને સંપુર્ણ સમર્થન પ્રાપ્ત થયેલ નથી તેમજ સદર બંને સાહેદોની સરતપાસ,ઉલટ તપાસ તથા પોલીસ રૂબરૂના નિવેદનમાં ઘણોબધો વિરોધાભાસ જણાય છે.

ફરીયાદી મધ્યાહન ભોજન યોજનામાં નોકરી કરતા હોય તેવો પુરાવો રેકર્ડે રજુ થયેલ નથી. ફરીયાદીને થયેલ ઈજા બાબતે પણ તબીબ સાહેદોના પુરાવાથી તથા આંક : ૩૩ રજુ મેડીકલ સર્ટીફીકેટ આધારે ફરીયાદીની ઈજા પુરવાર થયેલ નથી ઉલ્ટાનું ફરીયાદપક્ષની વિરૂધ્ધની હકીકત રેકર્ડે આવેલ છે અને ફરીયાદીને યુરીન ઇન્ફેકશન તથા નબળાઇ હોવાની હકીકત રેકર્ડ પર આવેલ છે.વળી, ગુનાવાળી જગ્યાનું આંક:૨૭ નું પંચનામું પણ બંને પંચસાહેદોના પુરાવાથી પુરવાર થયેલ નથી. તેમજ સદર કામે શાળાના આચાર્ય ગૌરીબેન મગનભાઈ પરમાર તેમના આંક:૩૧ ના પુરાવામાં સ્પષ્ટ જણાવી ગયા છે કે, તેઓ વીસ વર્ષથી શેત્રા ગામમાં નોકરી કરે છે પરંતુ, આટલા વર્ષો દરમ્યાન મધ્યાહન ભોજન યોજનામાં કોઈ અડચણ આવેલ નથી તેમજ ફરીયાદી સુશીલાબેનને કોઇએ જાતિ વિષયક અપશબ્દો બોલ્યા હોય કે સંચાલક તરીકેના કામમાં અડચણ કરેલ હોય તેવું બનેલ નથી. આમ, સદર સાહેદના પુરાવાથી પણ આંક:૨૩ થી રજુ ફરીયાદની હકીકતને સમર્થન પ્રાપ્ત થયેલ નથી. સદર કામે આંક:૪૭ થી તપાસાયેલ આઇ.ઓ. તેમની કોર્ટ રૂબરૂની ઉલટ તપાસમાં એ હકીકત પણ સ્વીકારેલ છે કે, તેમની તપાસમાં એવું ખુલેલ કે, ગુનો બન્યો તે દીવસે દીલ્હીથી આરોગ્ય ખાતાની ટીમ સર્વે કરવા શેત્રા ગામના સ્થાનીક હેલ્થ વર્કર સાથે આવી હતી અને આ ટીમ સાથે ફરીયાદીના પતિ સુરજીતસીંહને ઝઘડો થયાનું તેઓની તપાસમાં લીધેલા નિવેદનો પૈકી બે સાહેદોએ જણાવેલ છે. તેમજ બચાવપક્ષે તપાસાયેલ આંક:પર તથા આંક:પ૩ ના સાહેદોના પુરાવાથી પણ સદર હકીકતને સમર્થન પ્રાપ્ત થયેલ છે. વળી, બનાવ સમયે બનાવ સ્થળે શાળાના શીક્ષક તથા આચાર્ય હાજર ન હતા અને બનાવના નજરે જોનાર સાહેદોમાં ફરીયાદીના સંબંધી સિવાય કોઇ સ્વતંત્ર સાહેદનું નિવેદન

લીધેલ ન હતું. આમ, સ્વતંત્ર સાહેદોના પુરાવાના અભાવે પણ ફરીયાદની હકીકત પુરવાર થયેલ નથી. સદર કામે માત્ર ફરીયાદીનો,ફરીયાદીના પતિનો પુરાવો રેકર્ડે આવેલ છે, બનાવના નજરે જોનાર સાહેદોનો પુરાવો રેકર્ડે આવેલ નથી. તપાસાયેલ પોલીસ સાહેદો કે જેઓ ફરીયાદપક્ષે રસ ધરાવતા સાહેદો કહી શકાય, તેઓની જુબાની પર આધાર રાખી આરોપીઓને કસુરવાર ઠરાવવા ન્યાયોચિત જણાતું નથી.

(૩૦) ફરિયાદપક્ષે રજૂ થયેલ પુરાવો જોતાં, સદર કામે તપાસાયેલ ફરિયાદી તથા અન્ય સાહેદો એકબીજાથી વિરોધાભાસી તથા પોલીસ નિવેદનથી તદ્દન વિપરીત હકીકતો જણાવી ગયેલ છે. તેમજ રેકોર્ડ રજૂ થયેલ તમામ મૌખિક પુરાવા જોતાં, બનાવ વખતે આરોપીઓએ ફરિયાદી તથા સાહેદોને જાહેરમા જ્ઞાતિ વિશે અપશબ્દો બોલી અપમાનિત કરી, ગમે તેમ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવી હકીકત પુરવાર થયેલ નથી તેમજ આ કામેથી રજૂ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં, આ કામના આરોપીઓએ ફરિયાદી તથા સાહેદોને જાહેરમાં અપમાનિત કરીને, ગાળો બોલી, જાનથી મારી નાખવાની ધમકી આપી તે વખતે આરોપીઓએ ચોક્કસ શું ગાળો આપેલ અને તે કેવા પ્રકારની ગાળો આપેલી તેમજ જાનથી મારી નાખવા બાબતેના ચોકકસ કેવા શબ્દો બોલીને હડધૂત કર્યા ચોક્કસ કેવા પ્રકારના શબ્દો બોલેલા, તે ચોક્કસ શબ્દો જણાવેલ નથી. ફરિયાદપક્ષ આરોપીઓની ધમકીના કારણે રોજબરોજના વ્યવહારો બીકના માર્યા કરી શકેલા નહીં, તેવી કોઈ વિગત રજૂ થયેલ પુરાવા આધારે ફલિત થતી નથી. આ સંદર્ભે **૨૦૦૮(૧) જી.એલ.એચ., ૩૩૭– પ્રવીણભાઈ બેચરભાઈ વણકર વિ. સ્ટેટ ઓફ ગુજરાત તથા ૨૦૦૨(૧) જી.એલ.એચ.(યુ.જે.) ૪**

**મુનાફખાન યાસીનખાન પઠાણ વિ. સ્ટેટ ઓફ ગુજરાત–** ના ચુકાદામાં ઠરાવેલ છે કે, જ્યારે ઉચ્ચારેલ શબ્દો ફરિયાદ પક્ષના ઈસમો પર કોઈ ભય ઉત્પન્ન કરેલ હોય, તેવો પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોય તો ઇ.પી.કો. કલમ–૫૦૬(૨) મુજબનો શિક્ષાપાત્ર ગુનો પુરવાર થતો નથી. તેથી સદર ચુકાદાઓ ધ્યાને લેતાં, આ કામના આરોપીઓએ ઇ.પી.કો. કલમ–૫૦૪, ૫૦૬(૨) મુજબનો ગુનો આચરેલ છે, તેમ નિઃશંકપણે પુરવાર થતું નથી.

**(૩૦.૧)** આ કામે આરોપીઓ તરફે રજુ થયેલ નામદાર ઉચ્ચ અદાલતોના તથા નામદાર ગુજરાત હાઇકોર્ટના ચુકાદા વંચાણે લેતા, સદર ચુકાદામાં જણાવેલ હકીકત તથા સંજોગો હાલના કેસની હકીકતો અને સંજોગો સાથે સુસંગત જણાતા હોય, રજુ થયેલ ચુકાદાઓ આરોપી પક્ષને મદદરૂપ થતા હોવાનું જણાય આવે છે. આમ,રજૂ થયેલ પુરાવા આધારે આરોપીઓએ ફરિયાદી સાહેદોને કોઈ ગાળો આપી હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપી હોય તેવી કોઈ વિગત નિઃશંકપણે ફલિત થતી નથી અને તે સંજોગોમાં આ કામે તપાસાયેલ ફરીયાદી તથા સાહેદોની જુબાની આધારે આરોપીઓને સદર ગુના સાથે નિઃશંકપણે સાંકળી શકાય તેમ ન હોય **મુદા નં.૧ નો જવાબ ''નકારમાં''** આપવામાં આવે છે.

**<u>મુદા નં.૨ :–</u>**

**(૩૧)** વધુમાં આ કામે આરોપીઓ ઉપર આક્ષેપિત અનુસૂચિત જ્ઞાતિ અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમની કલમ– ૩(૧)(આર)(એસ) તથા ૩(૨)(૫–એ) ની જોગવાઈ જોતાં, નીચે મુજબ છે:

**<u>Section 3. Punishment for ofences atrocities.</u>**

(1) Whoever, not being a member of a scheduled caste or a scheduled tribe:-

(R) intentionally insults or intimidates with intent to humiliate a member of a scheduled Caste or a scheduled Tribe in any place within public view.

(S) Abuses any member of a Scheduled Caste or a Scheduled Tribe by caste name in any place within public view;

<u>**Section 3.** Punishment for ofences atrocities.</u>

(2) Whoever, not being a member of a scheduled caste or a scheduled tribe:-

(5-A) commits any ofence specifed in the Schedule, against a person or property, knowing that such person is a member of a Scheduled Caste or Scheduled Tribe or such punishment as specifed under the Indian Penal Code (45 of 1860) for such ofences and shall also be liable to fine.

(૩૨) આ કામે રજૂ થયેલ તમામ પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો, ફરિયાદી સુશીલાબેન સુરજીતસીંહ રાઠોડની જ્ઞાતિનું પ્રમાણપત્ર <u>આંક:૨૪</u> થી રજૂ થયેલ છે. સદર જાતિના પ્રમાણપત્ર સંદર્ભે <u>આંક:૪૦</u> થી મદદનીશ તાલુકા વિકાસ અધીકારી,ખેડા તરીકે ફરજ બજાવતા સાહેદ : સ્નેહરશ્મી ચીમનભાઈ સોલંકીને સોગંદ પર તપાસેલા છે. સદર સાહેદ તેમની કોર્ટ રૂબરૂની જુબાની દરમ્યાન <u>આંક:૪૧</u> થી જાતિના રજીસ્ટરના નોંધણી પેજની અસલ ઉપરથી કરેલ નકલ રજુ કરી ગયા છે. એક સમયે સદર પ્રમાણપત્ર પુરવાર માની લેવામાં આવે

તો પણ સદર જ્ઞાતિનું પ્રમાણપત્ર જોતાં, ફરિયાદી અનુસૂચિત જ્ઞાતિના સભ્ય હોવાનું જણાઈ આવે છે. આમ, આરોપીઓ સામેના આક્ષેપિત કલમ અન્વયેનો આક્ષેપ પુરવાર કરવા માટે ફરિયાદી પક્ષે એવું પુરવાર કરવું પડે કે, ફરિયાદી અનુસૂચિત જ્ઞાતિના હોવાનું આરોપીઓ પ્રથમથી જ જાણતા હોવા છતાં બનાવ તારીખે, સમયે અને સ્થળે આરોપીઓએ ફરિયાદીને જાહેરમાં એટલે કે, જાહેર સ્થળે તેની જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરી અપમાનિત કરી આક્ષેપિત કલમ અન્વયેનો ગુનો કરેલો અને તે સંદર્ભે સદરહું આક્ષેપિત કલમની જોગવાઈ ધ્યાને લેતાં, એટ્રોસીટી એક્ટની કલમના મૂળ ઘટકોને એ રીતે વર્ગીકૃત કરી શકાય જેમાં (૧) અનુસૂચિત જ્ઞાતિ અથવા અનુસૂચિત જનજાતિના સભ્યોને હડધૂત કરવાના હેતુથી ઈરાદાપૂર્વક અપમાન કરવું, ધમકી આપવી, અપશબ્દો કહેવા બાબતના કોઈ કૃત્ય કરવામાં આવેલ હોય, (૨) તેવું કૃત્ય કોઈપણ સ્થળે જાહેર દ્રશ્યમાં કરવામાં આવેલું હોય, આ અધિનિયમની કલમ–૩(૨)(૫-એ) હેઠળનો ગુનો અનુસૂચિત જ્ઞાતિ અથવા અનુસૂચિત જનજાતિના સભ્યોને હડધૂત કરવાના ઈરાદા સાથે ઈરાદાપૂર્વક કરવું, ધમકી આપવી તેવા ઘટકને સૂચવે છે. આ જોગવાઈ બીજો મુખ્ય ઘટક આવા પ્રકારનું કૃત્ય જાહેર દ્રષ્ટિકોણમાં હોવાનું સૂચવે છે. આમ, ફરિયાદ પક્ષે સદરહું કલમની જોગવાઈઓમાં સમાવિષ્ટ આવશ્યક તત્વો ફરિયાદી પક્ષે નિઃશંકપણે પુરવાર કરવા પડે.

(૩૩) આ સંદર્ભે નામદાર સુપ્રીમ કોર્ટના **2025 SAR (Cri) 492 તથા 2025 SAR Online(SC)–388** તથા **2025 INSC 459** ના ચુકાદા વંચાણે લેતા, તેમાં ઠરાવેલ છે કે, એટ્રોસીટી જેવા કેસોમાં બનાવ જાહેર સ્થળે તેમજ સમાજના તમામ માણસોની હાજરીમાં બનેલ હોવો જરૂરી છે. હાલના ગુના કામે ફરિયાદી સુશીલાબેન સુરજીતસીંહ રાઠોડનો આંક:૨૨ નો પુરાવો તથા તપાસાયેલ અન્ય

રસ ધરાવતા સાહેદોના પુરાવાથી બનાવવાળી જગ્યા શેત્રા પ્રાથમીક શાળાના ઝાંપા પાસે હોવાની હકીકત રેકર્ડે આવેલ છે. પરંતુ, સદર ગુના કામે માત્ર ફરિયાદી,તેમના પતિનો તથા શાળાના આચાર્યનો પુરાવો રેકોર્ડે આવેલ છે, અન્ય કોઈ સ્વતંત્ર સાહેદનો પુરાવો રેકોર્ડે આવેલ નથી. શાળાના આચાર્ય ગૌરીબેન તેમના કોર્ટ રૂબરૂની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરી ગયા છે કે, ફરીયાદી સુશીલાબેનને કોઈએ જાતિ વિષયક અપશબ્દો બોલ્યા હોય કે સંચાલક તરીકેના કામમાં અડચણ કરેલ હોય તેવું બનેલ નથી. તેમજ ફરિયાદી તથા તેમના પતિ કે જેઓ રસ ધરાવતા સાહેદો હોય આવો બનાવ જાહેર સ્થળે ગામના લોકોની હાજરીમાં બનેલાનું કહી શકાય નહીં. વળી, ફરિયાદ પક્ષે બનાવના નજરે જોનાર સાહેદ તેમજ સ્વતંત્ર સાહેદોના પુરાવાના અભાવે ફરિયાદની હકીકતને લેશમાત્ર સમર્થન પ્રાપ્ત થયેલ નથી.

(૩૩.૧) આ સંદર્ભે નામદાર ગુજરાત હાઈકોર્ટ, **Dhiren Prafulbhai Shah vs State Of Gujarat** (reported in 2016 4 GLR 2785)– ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે **:–**

**[7.9]** It would also be apt to refer and quote the relevant observations of Hon'ble Gujarat High Court, while dealing with a petition seeking quashing of proceedings in respect of offence under the Atrocities Act. In case titled **Dhiren Prafulbhai Shah vs State Of Gujarat**, (reported in 2016 4 GLR 2785), it was observed by Hon’ble Gujarat High Court in para - 27 as under:

*27. The SC/ST Act was enacted with a laudable object to protect vulnerable section of the society. Subclauses (I) to (xv) of Section 3(1) of the Act enumerated various kinds of atrocities that might be perpetrated against Scheduled Castes and Scheduled Tribes, which constitute an offence. However, Subclause( x) is the only clause where even offending “utterances” have been made punishable. The Legislature required intention as an essential ingredient for the*

*offence of "insult", "intimidation" and "humiliation" of a member of the Scheduled Castes or Scheduled Tribe in any place within "public view". Offences under the Act are quite grave and provide stringent punishments. Graver is the offence, stronger should be the proof. The interpretation which suppresses or evades the mischief and advances the object of the Act has to be adopted. Keeping this in view, looking to the aims and objects of the Act, the expression "public view" in Section 3(1)(x) of the Act has to be interpreted to mean that the public persons present, (howsoever small number it may be), should be independent and impartial and not interested in any of the parties. In other words, persons having any kind of close relationship or association with the complainant, would necessarily get excluded.*

**[7.10]** Thus, in light of the above and considering the nature of relations between the complainant and accused, for securing guilt for accused having committed offence under Section 3(1)(r), the prosecution would be required to prove that the utterance of the caste derogatory words by accused was over heard by someone not connected to the complainant or her family. However, as noted above the only person not connected to the complainant (PW-1) is PW-5, but she does not support the case of the prosecution with regards to utterance of caste derogatory words by the accused persons. Therefore, charge punishable under Section 3(1)(r) also fails.

**(૩૪)** આમ, ઉપરોક્ત આક્ષેપિત કલમ અન્વયે ફરિયાદી તથા સાહેદોની સમગ્ર જુબાની લક્ષમાં લેતાં, આ કામના આરોપીઓએ આ કામના ફરીયાદી,સાહેદોને તેઓની જાતિ વિશે અપશબ્દો બોલી જાહેરમાં અપમાનીત કરી તથા જાતિવિષયક લાગણી દુભાય તે રીતે જાહેરમાં અપમાનજનક વર્તન કરેલ હોય તેમજ તેમની જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરવામાં આવેલ હોવા સંબંધેનો કોઈ જ શંકારહીત પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. જેથી ફરિયાદ પક્ષ આ કામના આરોપીઓએ

અનુસૂચિત જ્ઞાતિ અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમની કલમ–૩(૧)(આર)(એસ) તથા ૩(૨)(૫–એ) મુજબના ગુનો કર્યાની હકીકત નિઃશંકપણે પુરવાર કરેલ ન હોય **મુદ્દા નં.૨ નો જવાબ ''નકારમાં''** આપવામાં આવે છે.

**(૩૫)** આમ,ઉપરોકત સમગ્ર હકીકત તેમજ આરોપીઓ સામે આક્ષેપિત કલમો અન્વયેની જોગવાઇ જોતા,આરોપીઓ સામેનો હાલનો કેસ ફોજદારી પ્રકારનો છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રના સિંધ્ધાંતો અનુસાર આરોપી સામેનો કેસ ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે તેમજ ક્રિમીનલ જસ્ટીસ ડીલીવરી સીસ્ટમ મુજબ ફરીયાદપક્ષે આરોપીઓ સામે મુકવામાં આવેલ આક્ષેપિત ગુનો, શંકારહીત યોગ્ય પુરાવા રજુ કરીને પુરવાર કરવાનો હોય છે. ટુંકમાં આરોપી દોષિત છે, તેવું પુરતા અને વિશ્વસનીય પુરાવા આધારે પુરવાર કરવાનું હોય છે. કાયદાના પ્રસ્થાપિત સિંધ્ધાંત મુજબ આરોપીઓને દોષિત ઠરાવવામાં ન આવે ત્યાં સુધી તે નિર્દોષ છે, તેવી ધારણા કરીને અદાલતે ચાલવાનું હોય છે. ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ એકાદી કડી પણ પુરવાર કરવાનું ફરીયાદપક્ષ ચુકે તો તેવી સ્થિતિનો લાભ બચાવપક્ષને મળવાપાત્ર થાય છે અને તે સંજોગોમાં આરોપીઓ દોષમુકત અગર તો બેનીફીટ ઓફ ડાઉટ મેળવવા હકકદાર થાય છે. તે સંજોગો જોતા, હાલના કામે ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો ગુનો નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી.

**(૩૬)** વધુમાં આ કામે ઉપરોકત મુદ્દા નં.૧ અને ૨ ની ચર્ચા કરી તે પ્રમાણે તથા આ કામનું રેકર્ડ જોતા, ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ બચાવપક્ષે એટલે કે, આરોપી તરફે ફરીયાદપક્ષના કેસના જ પુરવણી ચાર્જશીટમાં દર્શાવેલ સાહેદ નં.૧૪ હસુમતીબેન મુકેશભાઇ પરમાર તથા સાહેદ નં.૧૫ પ્રતિકકુમાર રામજીભાઇ પટેલને

બચાવના સાહેદ તરીકે તપાસેલા છે. જેઓએ તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં સ્પષ્ટપણે બનાવ સમયે, બનાવ સ્થળે અને બનાવ તારીખે શી હકીકતે બનાવ બનેલ, તેની વિગતો જણાવેલ છે અને તે જ હકીકતોને ફરીયાદપક્ષે તપાસાયેલ આંક:૪૭ ના તપાસ કરનાર અમલદાર: વિક્રમસિંહ નરેન્દ્રસિંહ સોલંકીનાઓએ પણ સમર્થન કરેલ છે અને ત.ક.અમલદારે તેમના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ તારીખે,સમયે અને બનાવવાળા સ્થળે સદરહું સાહેદો આવેલા, ગામમાં નેશનલ ફેમીલી હેલ્થ સંબધેની ટીમ આવેલ અને તે સંબંધી કામગીરી કરવા સારૂ બચાવપક્ષના તપાસાયેલ સાહેદો તેઓની સાથે હતા અને તે જ સમયે આ કામના ફરીયાદીના પતિ સુરજીતસીંહ નટુભાઇ રાઠોડ કે જેઓને ફરીયાદપક્ષે આંક:૩૦ થી તપાસેલ છે, જેઓએ સદરહું ટીમ સાથે તકરાર કરેલ અને ગાળો બોલેલા અને જે સંબંધે સરપંચશ્રીને જાણ કરતા સરપંચ ઇશ્વરભાઇ કાભઇભાઇ ચૌહાણ કે જેઓ બનાવ સ્થળે આવેલાનું જણાવેલ છે. જયારે, ફરીયાદપક્ષે તપાસાયેલ ફરીયાદી: સુશીલાબેન સુરજીતસીંહ રાઠોડ **(આંક:૨૨)** તથા તેમના પતિ સુરજીતસીંહ નટુભાઇ રાઠોડ**(આંક:૩૦)** તેઓની કોર્ટ રૂબરૂની ફરીયાદપક્ષની જુબાનીમાં આવી કોઇ જ હકીકત બનેલ ન હોવાનું અને આવી કોઇ ટીમ સર્વે માટે આવેલ ન હોવાનું જણાવે છે. જયારે, સદરહું બંને બચાવપક્ષે તપાસાયેલ સાહેદો કે જે ફરીયાદપક્ષના જ સાહેદો છે, તેમની જુબાનીમાંથી બચાવપક્ષે જે બચાવ રજુ કરેલ છે, તેથી વિરોધાભાસી કોઇ હકીકત ફરીયાદપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી અને બનાવની તારીખે સદરહું શેત્રા ગામના સરપંચ કોઇ ન હોવાનું જણાવે છે અને જયારે ફરીયાદપક્ષે તપાસાયેલ ફરીયાદી તથા અન્ય સાહેદો પણ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ઇશ્વરભાઇ કાભઇભાઇ ચૌહાણ ઘણા વર્ષોથી આ ગામના સરપંચ તરીકે ચુંટાઇ આવે છે. આમ, ફરીયાદપક્ષે જ રજુ થયેલ પુરાવા જોતા પણ ફરીયાદપક્ષે તેમની જણાવેલ હકીકતો ઉપર શંકા ઉત્પન્ન થાય તેવી

હકીકત લાવવામાં બચાવપક્ષ સફળ રહેલ છે. જયારે બચાવપક્ષે તપાસાયેલ સાહેદોના પુરાવાથી બચાવપક્ષ પોતાના બચાવની સત્યતા રેકર્ડ પર લાવવામાં સફળ રહેલ છે, જે આ કામનું રેકર્ડ જોતા સ્પષ્ટપણે જણાય આવે છે.

**(૩૭)** આમ, ઉપરોકત ફરીયાદપક્ષ તથા બચાવપક્ષે રજુ પુરાવો, કેસની તમામ હકીકતો, બંને પક્ષોની રજુઆતો, રજુ થયેલ જજમેન્ટો તથા સંજોગો તેમજ નામદાર ઉચ્ચ અદાલતો તથા સર્વોચ્ચ અદાલતના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિંધ્ધાંતો લક્ષમાં લેતા, હાલના કામે ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો ગુનો પોતાની જ ફરીયાદ પ્રમાણે શંકારહીત પુરવાર કરી શકેલ નથી. જેથી ઉપરોકત સમગ્ર હકીકતો લક્ષમાં લેતા, આ કામના આરોપીઓએ ઇન્ડીયન પીનલ કોડની કલમ–૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા અનુસુચીત જાતિ/ અનુસુચીત જનજાતિ (અત્યાચાર નિવારણ) ધારાની કલમ –૩(૧)(આર)(એસ),૩(૨)(૫–અ) મુજબનો ગુનો કરેલ હોવાનું શંકારહીત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નીવડેલ હોય, જેથી **મુદ્દા નં.૧ તથા ૨ નો જવાબ** ઉપરોકત કરેલ ચર્ચા મુજબ "**નકારમાં** " આપેલ હોય, **મુદ્દા નં.૩** પરત્વે નીચે મુજબનો **આખરી હુકમ** કરવો ન્યાયોચિત માનું છું.

## :: આખરી હુકમ ::

**(૧)** આ કામના આરોપી નં.**(૧)રમેશભાઇ શાકાભાઇ ચૌહાણ, ઉ.વ.૪૭,**રહે.શેત્રા, લાંબી શેરી, તા.જી.ખેડા તથા **નં.(૨) ઇશ્વરભાઇ કાભઇભાઇ ચૌહાણ, ઉ.વ.૪૫,** રહે.શેત્રા, ખોડીયાર માતાવાળું ફળીયું, તા.જી.ખેડા– નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૧) મુજબ તેઓની સામેના ઇન્ડીયન પીનલ કોડની કલમ – ૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા અનુસુચીત જાતિ/ અનુસુચીત જનજાતિ (અત્યાચાર

નિવારણ) ધારાની કલમ –૩(૧)(આર)(એસ),૩(૨)(૫–અ) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૪૩૭(એ) મુજબ આ કામના દરેક આરોપીએ સરકાર પક્ષ આ હુકમ સામે અપીલ કરે તો અપીલના કામે હાજર રહેવા માટેના **રૂા.૧૫,૦૦૦**/– (અંકે રૂપીયા પંદર હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો આપવો.

(૩) સદર ચુકાદાની નકલ જીલ્લા મેજીસ્ટ્રેટ શ્રી ખેડાને મોકલવાનો અત્રેની ઓફીસને ફોજદારી કાર્યરીતી અધીનીયમની કલમ–૩૬૫ મુજબ તેમજ ક્રિમીનલ મેન્યુઅલના પેરા–૧૩૨ મુજબ આદેશ કરવામાં આવે છે, તે મુજબ ઓફીસે કાર્યવાહી કરવી.

(૪) આ કેસનું રેકર્ડ નિયમોનુસાર વર્ગીકરણ કરી રેકર્ડ રૂમમાં મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે, તે મુજબ ઓફીસે કાર્યવાહી કરવી.

હુકમ આજરોજ તારીખ:અઢારમી, માહે:માર્ચ, સને:૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| નડીયાદ<br>તા.૧૮/૦૩/૨૦૨૬<br>એસ.જે.રાણા | **(મુકેશકુમાર જયંતીલાલ બ્રહ્મભટ્ટ )**<br>**સ્પે. જજ (એટ્રોસીટી) અને**<br>**ચોથા એડીશ્નલ સેશન્સ જજ,**<br>**ખેડા–એટ,નડીઆદ.**<br>**(જ્યુડી કોડ નં.જી.જે.૦૦૭૫૪)** |